# ફાસ્ટ રિવિઝન

## જુલાઈ ૨૦૨૧

Most IMP
Current Affairs

www.crackgpsc.com

# જુલાઈ ૨૦૨૧

## (૧ થી ૩૦ જૂન, ૨૦૨૧)

## સ્પેશ્યલ થેન્ક્સ

**શ્રી એમ. કે. પ્રજાપતિ સાહેબ**

**(ડે. કલેક્ટર)**

**પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.**

## We are famous for…

**The Most IMP,**
**Authentic,**
**To the point,**
**Up to date**
**material**





આ બુક તો વાંચવી જ પડે

ગુજરાતને લગતા
6000+ પ્રશ્નો
એક જ સ્થળે ધરાવતી
ગુજરાતની એકમાત્ર બુક

સ્પે. થેન્ક્સ :
શ્રી એમ. કે. પ્રજાપતિ (ડે. કલેક્ટર)

Crack GPSC easily with...
crackgpsc.com

# Most Imp Current Affairs

## 1 જૂન

- એન્વાયરમેન્ટલ સોશિયલ એન્ડ ગવર્નન્સ (ESG) રિપોર્ટ 2020-21 અનુસાર ઇન્ફોસિસ લિ.એ ઘરે કામ કરવાની સફળ સક્ષમતાના માધ્યમથી પોતાના કાર્બન ઉત્સર્જનમાં લગભગ 46%નો ઘટાડો કર્યો.
- વિષ્ણુ કુમાર શર્મા દક્ષિણ સુડાનમાં આગામી ભારતીય રાજદૂત નિયુક્ત.
- લોરેન્સ ડેસ કાર્સ ફ્રાન્સના મુસી ડૂ લોવર મ્યુઝિયમની પ્રથમ મહિલા અધ્યક્ષ નિયુક્ત.
- ઇન્ડિયન બ્રોડકાસ્ટિંગ ફાઉન્ડેશન (IBF) સ્ટ્રીમીંગ પ્લેટફોર્મને કવર કરશે.
- 20મી સદીની શરૂઆતમાં નામિબિયા પર પોતાના ઔપનિવેશિકકાળ દરમ્યાન નરસંહાર કર્યો હોવાનું જર્મનીએ કબુલ્યું.
- ટોક્યો ઓલિમ્પિક ગેમ્સ-2021માં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર ખેલાડીઓ સહિત અશોક કુમાર એકમાત્ર કુશ્તી રેફરી તરીકે સામેલ.
- કેન્દ્રીય શિક્ષા મંત્રાલયે યુવા લેખકો માટે 'YUVA' યોજના શરૂ કરી, જે અંતર્ગત 30 વર્ષથી નાની વયના યુવા અને નવોદિત લેખકોને તાલીમ આપવામાં આવશે. (YUVA: યંગ, અપકમિંગ એન્ડ વર્સેટાઇલ ઓથર્સ) આ યોજના ઇન્ડિયા@75 પ્રોજેક્ટના એક ભાગ રૂપે છે, જે અનસંગ હીરોઝ, ફ્રિડમ ફાઇટર્સ, અનનોન એન્ડ ફોરગોટન પ્લેસિઝ જેવા વિષયો પર યુવા લેખકોનો દ્રષ્ટિકોણ વ્યક્ત કરવા માટે છે.
- રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ દ્વારા ભારતીય તટરક્ષક (ICG) જહાજ 'સજગ'ને કાર્યરત કરવામાં આવ્યું, જે 105 મીટર ઓફશોર પેટ્રોલ વેસલની શ્રેણીમાં ત્રીજું છે.
- અસિમી ગોઇટા માલીના નવા રાષ્ટ્રપતિ નિયુક્ત, જે 'પ્રેસિડેન્ટ ઓફ ધ ટ્રાન્ઝીશન, હેડ ઓફ સ્ટેટ'ની ઉપાધિ ધારણ કરશે.
- CRPFના ડિરેક્ટર જનરલ કુલદીપ સિંહને નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સી (NIA)ના ડિરેક્ટર જનરલ તરીકેનો વધારાનો કાર્યભાર આપવામાં આવ્યો.
- કેન્દ્ર સરકારે પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશમાંથી આવેલ બિન-મુસ્લિમ શરણાર્થીઓને ગુજરાત, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, છત્તીસગઢ એમ 5 રાજ્યોમાં નાગરિકતા આપવાની ઘોષણા કરી.
- પુલવામામાં શહીદ થનાર મેજર વિભૂતિશંકર ઢોંડિયાલના પત્ની નિકિતા કૌલ આર્મીમાં લેફ્ટનન્ટ તરીકે જોડાયાં.

- ગુગલ ફોટોઝ એપમાં અનલિમિટેડ સ્પેસની સુવિધા બંધ થવાથી યુઝર્સને હવે 15 GB સ્પેસ મળશે.
- ઓસ્ટ્રેલિયાના ન્યૂ સાઉથ વેલ્સ રાજ્યમાં 'ઉંદર મહામારી' ઘોષિત કરાઈ. આ મહામારીને દૂર કરવા માટે ભારતમાંથી 5 હજાર લીટર 'બ્રોમેડિઓલોન' ઝેર મંગાવવામાં આવ્યું.
- સિરમ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ડિયાના CEO અદાર પુનાવાલા મુંબઈ સ્થિત નોન-બેન્કિંગ ફાયનાન્સ કંપની મેગ્મા ફિનકોર્પના ચેરમેન નિયુક્ત.

## 2 જૂન

- અમેરિકાના ઓહિયોમાં વેક્સીનેશનને પ્રોત્સાહન આપવા માટે આયોજિત અભિયાન 'વેક્સ અ મિલિયન'ના પ્રથમ ઇનામ તરીકે એબીગેલ બુગેન્સ્કીને 7 કરોડ રૂપિયાની લોટરી લાગી.
- કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના અહેવાલ અનુસાર સરકાર 9 દેશોમાં પોતાના ઉચ્ચ આયોગ અને દૂતાવાસોમાં 'વન સ્ટોપ સેન્ટર' શરૂ કરશે.
- વ્હાઈટ ફંગસથી આંતરડામાં છેદ થવાનો વિશ્વનો પ્રથમ કેસ ગુજરાતમાં નોંધાયો.
- અમેરિકન ઇન્ટેલિજન્સ ડીપાર્ટમેન્ટ દ્વારા 90 દિવસમાં કોવિડ-19ની ઉત્પત્તિ વિષે જાણવાનો આદેશ કરવામાં આવ્યો.
- નાણાકીય વર્ષ 2020-21માં સિંગાપુર ભારતમાં રોકાણ કરનાર ટોચનો દેશ બન્યો, અમેરિકા બીજો દેશ.
- શ્રમ અને રોજગાર મંત્રાલયે ESIC અને EPFO સ્કીમ અંતર્ગત કોરોનાથી મૃત્યુ પામનાર શ્રમિકના પરિજનોને મળતી સહાય રકમ રૂપિયા 6 લાખથી વધારીને 7 લાખ કરી.
- ગુજરાત ટેકનોલોજિકલ યુનિ. (GTU) 10 વર્ષના વિદ્યાર્થીઓનો ડેટા ડીજીલોકરમાં અપલોડ કરનાર દેશની એકમાત્ર યુનિવર્સિટી બની.
- ચીનનો પર્વતારોહક ઝાંગ હોંગ માઉન્ટ એવરેસ્ટ સર કરનાર વિશ્વનો ત્રીજો અને એશિયાનો પ્રથમ નેત્રહીન (પ્રજ્ઞાચક્ષુ) બન્યો. તેઓ એક પ્રજ્ઞાચક્ષુ અમેરિકન પર્વતારોહક એરિક વેહેનમેયરથી પ્રેરિત હતા, જેમણે 2001માં એવરેસ્ટ સર કર્યો હતો.
- 1979માં વન ચાઈલ્ડ, 2016માં ટુ ચિલ્ડ્રનની પોલિસી લાવનાર ચીનમાં યુવાનોની સંખ્યામાં ઘટાડો થવાથી હવેથી દંપત્તિઓને 3 બાળકોને જન્મ આપી શકવાની ચીન સરકારની મંજૂરી.
- અલ્પન બંધોપાધ્યાય પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના મુખ્ય સલાહકાર નિયુક્ત.
- અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લીધેલ ઓક્સિજન લેવલ વધારનાર એન્ટી-બોડી કોકટેલ ઈન્જેકશન ભારતમાં દાહોદની મહિલાને સૌપ્રથમ આપવામાં આવ્યું.

- અંડર-19 વર્લ્ડકપ-2012ની ચેમ્પિયન ટીમ ભારતીય ટીમના ખેલાડી સ્મિત પટેલે BCCIના તમામ ક્રિકેટ ફોર્મેટ્સમાંથી નિવૃત્ત થઈને અમેરિકામાં પોતાની ક્રિકેટ કારકિર્દી આગળ વધારવાનો નિર્ણય લીધો.
- બોલીવુડ અભિનેતા રણદીપ હુડાને UNની એક પર્યાવરણ સંધિ કન્વેન્શન માઈગ્રેટરી સ્પેસીઝ (CMS)ના રાજદૂત પદેથી દૂર કરવામાં આવ્યા.
- ક્રિસ્ટીન વરમુથ અમેરિકન સૈન્યનાં પ્રથમ મહિલા સચિવ નિયુક્ત.
- હરમોહન સાહની રેમન્ડ લિ.ના રિયલ્ટી બિઝનેસના CEO નિયુક્ત.






**3 જૂન**

- ગુજરાતના આરોગ્ય સચિવ જયંતી રવિની તમિલનાડુમાં ઓરોવિલા ફાઉન્ડેશનના સચિવ તરીકે બદલી કરાઈ.
- બેંગલુરુ સ્થિત સ્પેસ-ટેક સ્ટાર્ટ અપ 'બેલાટ્રિક્સ એરોસ્પેસ'એ ખાનગી કંપની દ્વારા નિર્મિત ભારતના પ્રથમ હોલ થ્રસ્ટરનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું, જે 50થી 500 કિલોગ્રામ વજનવાળા ઉપગ્રહ માટે અત્યાધુનિક કુશળ વીજ સંચાલક પ્રણાલી છે.

- ન્યાયમૂર્તિ વિક્રમજીત સેન ઇન્ડિયન બ્રોડકાસ્ટિંગ ફાઉન્ડેશનની નવરચિત ડિજિટલ મીડિયા કન્ટેન્ટ રેગ્યુલેટરી કાઉન્સિલ (DMCRC)ના અધ્યક્ષ નિયુક્ત.
- દુબઈમાં આયોજિત એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં પૂજા રાનીએ 75 KG. વિમેન્સ કેટેગરીમાં ગોલ્ડ જીત્યો, જ્યારે સંજીત કુમારે 91 KG મેન્સ કેટેગરીમાં ગોલ્ડ જીત્યો.
- બાલાસુબ્રમણ્યમ શ્યામ આઇસલેન્ડ ગણરાજ્યમાં આગામી ભારતીય રાજદૂત નિયુક્ત.
- ભારતના સૌથી મોટા ક્રિપ્ટો એક્સચેન્જ WazirXએ દેશના પ્રથમ NFT (નોન-ફન્જિબલ ટોકન) બજારની ઘોષણા કરી.
- એસ. કે. મજૂમદાર કેનરા બેંકના ચિફ ફાયનાન્સિયલ ઓફિસર (CFO) નિયુક્ત.
- ક્રિકેટના દિગ્ગજ અને ટીમ ઇન્ડિયાના સફળ કોચમાંના એક રવિ શાસ્ત્રીએ 'સ્ટારગેઝિંગ:ધ પ્લેયર્સ ઇન માય લાઈફ' નામનું પુસ્તક લખ્યું.
- WHOએ ભારતમાંથી મળેલ COVID-19 વેરિઅન્ટ B-1.617.2ને 'ડેલ્ટા' નામ આપ્યું. ભારતમાંથી મળેલ એક અન્ય વેરિઅન્ટ B-1.617.1ને 'કપ્પા' નામ આપવામાં આવ્યું.
- ફિલ્મ નિર્માતા અજીત પાલ સિંહની ફિલ્મ 'ફાયર ઇન ધ માઉન્ટેન'એ 19મા ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટીવલ ઓફ લોસ એન્જલસ (IFFLA)માં બેસ્ટ ફિચર માટે ઓડિયન્સ એવોર્ડ જીત્યો.
- ટાટા સ્ટીલ લિ.ના CEO અને MD ટી. વી. નરેન્દ્રન કન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી (CII)ના નવા અધ્યક્ષ નિયુક્ત.
- ઈરાનનું સૌથી મોટું નેવિ જહાજ IRIS ખર્ગ ઓમાનની ખાડીમાં તાલીમ દરમ્યાન આગ લાગ્યા બાદ ડૂબી ગયું. તે જળમાર્ગ એક સંવેદનશીલ માર્ગ છે, જે હોર્મુજ જલડમરૂમધ્ય સાથે જોડાયેલ છે. અહીંથી દુનિયાના લગભગ 20% ઓઈલનું આવાગમન થાય છે.
- બર્ડ ફ્લૂ (એવિયન ઇન્ફ્લુએન્ઝા)થી માનવીમાં થતા સંક્રમણનો વિશ્વનો સૌપ્રથમ કેસ ચીનના જિઆંગસુ પ્રાંતમાં નોંધાયો, જે H10N3 પ્રકારનો બર્ડ ફ્લૂ છે.
- વિશ્વની સૌથી મોટી ફૂડ કંપની નેસ્લેએ સ્વીકાર્યું કે તેની 60% કરતા વધુ મેઈનસ્ટ્રીમ ફૂડ એન્ડ ડ્રીંક પ્રોડક્ટ્સ આરોગ્યપ્રદ નથી તથા ઘણા જ અન્ય ઉત્પાદનોમાં ફેરફાર છતાં આરોગ્યપ્રદ બની શકે તેમ નથી.

**4 જૂન**

- દિલ્હી સરકારે L-13 લાયસન્સ ધરાવતા દુકાનદારોને દારૂની હોમ ડિલીવરી કરવાની મંજૂરી આપી.
- સ્પેનમાં 'ક્લોથ હેવ નો જેન્ડર' અભિયાન હેઠળ પુરૂષ શિક્ષકો સ્કર્ટ પહેરીને શાળાએ જાય છે.

- પાકિસ્તાનના પેશાવર સ્થિત અભિનેતા દિલીપકુમાર અને રાજકપૂરના ઘરની માલિકી પુરાતત્વ વિભાગને સોંપાઈ. પાકિસ્તાન પુરાતત્વ વિભાગે આ ઘરને રાષ્ટ્રીય વારસો જાહેર કરેલ છે.
- અમેરિકાના ન્યુયોર્કમાં સૌપ્રથમ વખત મેયરની પસંદગી માટે રેન્કિંગ પદ્ધતિ અમલમાં મુકાઈ.
- Equitas SFB બેંક NRI ગ્રાહકોને ઓનલાઈન ખાતું ખોલી આપતી પ્રથમ ફાઈનાન્સ બેંક બની.
- કેન્દ્રીય સિવિલ સેવા (પેન્શન) સુધારા અધિનિયમ-2021 અનુસાર ગુપ્તચર અને સુરક્ષા વિભાગના નિવૃત્ત અધિકારીઓ જો સરકારી વિભાગની સંવેદનશીલ માહિતી સરકારની મંજૂરી વિના જાહેર કરશે તો તેમનું પેન્શન અટકાવવામાં આવશે.
- ICCના ફ્યુચર લીડર્સ પ્રોગ્રામ હેઠળ મહિલા ટેલેન્ટ કાર્યક્રમમાં 45 દેશમાંથી 40 મહિલાની પસંદગી કરવામાં આવી, જેમાં ગુજરાતનાં મહિલા સ્પોર્ટ્સ પત્રકાર હરિની રાણાનો સમાવેશ.
- કેન્દ્રએ પાસ કરેલ મોડલ ટેનન્સી એક્ટ (આદર્શ ભાડુઆત કાયદા) અનુસાર મકાનમાલિક ભાડુઆત પાસેથી વધુમાં વધુ 2 માસનું ભાડું એડવાન્સમાં લઇ શકશે. તદુપરાંત નિર્ધારિત સમયમર્યાદામાં ભાડુઆત દ્વારા મકાન ખાલી ન કરવા બદલ મકાનમાલિક 2થી 4 ગણું ભાડું લઇ શકશે.
- સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જસ્ટિસ અરૂણ કુમાર મિશ્રા રાષ્ટ્રીય માનવાધિકાર પંચના ચેરમેન નિયુક્ત.
- મોઢેરા સૂર્યમંદિર સોલાર એનર્જી દ્વારા બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS)થી દિવસ-રાત વીજળી આપવાનો પ્રોજેક્ટ તૈયાર કરાયો, જે ભારતનો આ પ્રકારનો એકમાત્ર પ્રોજેક્ટ ગણાય છે. તે કુલ 6 મેગાવોટ સોલાર દ્વારા ઊર્જા ઉત્પન્ન કરશે.
- નીતા કપૂર ઇન્ટરનેશનલ સ્પિરિટ્સ એન્ડ વાઇન્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા (ISWAI)ના CEO નિયુક્ત. ISWAI ભારતમાં વિદેશી દારૂ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરે છે.
- ભારતની મહિલા બેટ્સમેન શેફાલી વર્મા ICC વિમેન્સ T20I બેટિંગ રેન્કિંગમાં 776 અંક સાથે પ્રથમ ક્રમે યથાવત.
- ભારતના નાગરાજ અડિગા ઇન્ટરનેશનલ એસોસિએશન ઓફ અલ્ટ્રારનર્સ (IAU) કોંગ્રેસ-2021માં એશિયા-ઓશિનીયા પ્રતિનિધિ તરીકે ચૂંટાયા.
- લેખક નીતિન રાકેશ અને જેરી વિંડે ઇન્ટરનેશનલ બિઝનેસ બુક ઓફ ધ યર એવોર્ડ-2021 જીતીને ઈતિહાસ રચ્યો.

**5 જૂન**

- વાઈસ એડમિરલ રવનીત સિંહ નેવિ સ્ટાફના વાઈસ પ્રેસિડેન્ટ નિયુક્ત.

- બોધગયામાં બુદ્ધ ઇન્ટરનેશનલ વેલફેર મિશન મંદિરમાં સૂતેલા બુદ્ધની ભારતની સૌથી મોટી પ્રતિમા સ્થાપવામાં આવશે.
- ટાઈમ્સ હાયર એજ્યુકેશન (THE) એશિયા યુનિવર્સિટી રેન્કિંગ-2021માં ટોપ 200માં 18 ભારતીય યુનિવર્સિટી સામેલ. IISc (ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સ) 37મા ક્રમાંક સાથે એશિયામાં સર્વશ્રેષ્ઠ ડોમેસ્ટિક ઇન્સ્ટીટયુટ છે.
- ઇઝાક હર્ઝોગ ઇઝરાયેલના અગિયારમા રાષ્ટ્રપતિ નિયુક્ત.
- જગન્નાથ વિદ્યાધર મહાપાત્ર ત્રણ માસ માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટ ટેક્સ (CBDT)ના અધ્યક્ષ નિયુક્ત.
- ડૉ. વિનય નંદીકુરી CSIR-સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલેક્યુલર બાયોલોજી (CCMB), હૈદરાબાદના ડિરેક્ટર નિયુક્ત.
- કેન્યાના ડૉ. પેટ્રિક અમોથ WHO એક્ઝીક્યુટીવ બોર્ડના ચેરમેન નિયુક્ત.
- પરેશ બી. લાલ ભારતમાં વોટ્સએપના ગ્રીવન્સ ઓફિસર નિયુક્ત.
- અમુલ પ્રોડક્ટ્સનું વેચાણ કરતી ગુજરાત કો-ઓપ. મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિ. (GCMMF)ના MD આર. એસ. સોઢી ઇન્ટરનેશનલ ડેરી ફેડરેશન (IDF)ના બોર્ડમાં સામેલ.
- દિલ્હી હાઇકોર્ટે ઇન્ફોર્મેશન ટેકનોલોજી (ગાઈડલાઈન્સ ફોર ઇન્ટરમિડીયરીઝ એન્ડ ડિજિટલ મિડિયા એથિક્સ કોડ) રૂલ્સ-2021નું પાલન કરવા માટે ટ્વીટરને ત્રણ સપ્તાહની સમય-મર્યાદા આપી.
- કેરળ વિધાનસભાએ લક્ષદ્વીપના એડમિનિસ્ટ્રેટર પ્રફુલ ખોડા પટેલને પરત બોલાવવાનો પ્રસ્તાવ પસાર કર્યો.
- IIT-રોપડે કોલ્ડ ચેન મેનેજમેન્ટ માટે ભારતનું પ્રથમ સ્વદેશી ટેમ્પરેચર ડેટા લોગર AmbiTAG વિકસાવ્યું.
- UNના પૂર્વ ભારતીય સ્થાઈ પ્રતિનિધિ સૈયદ અકબરૂદ્દીન કૌટિલ્ય સ્કૂલ ઓફ પબ્લિક પોલિસી-હૈદરાબાદના ડીન નિયુક્ત.
- 5 જૂન: વિશ્વ પર્યાવરણ દિવસ. ઈ.સ. 1972થી સંયુક્ત રાષ્ટ્ર સભાએ આ દિવસની શરૂઆત કરી.

## 6 જૂન

- ઇન્ડિયા અમેરિકા ટુડે ન્યૂઝવાયરના સંસ્થાપક અને સંપાદક તેજિંદર સિંહનું નિધન.
- ભારતીય અર્થશાસ્ત્રી કલ્પના કોચર IMFમાંથી નિવૃત્ત થયા બાદ બિલ એન્ડ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશનમાં સામેલ થયા.

- ફ્રાંસિસી નવલકથાકાર ડેવિડ ડીયોપે ઇન્ટરનેશનલ બુકર પ્રાઇઝ જીત્યું. તેમને આ પુરસ્કાર પોતાની નવલકથા 'At Night All Blood is Black' અને અન્ય પુસ્તકોના અંગ્રેજીમાં અનુવાદ માટે મળ્યો. ડેવિડ ડીયોપ બુકર પ્રાઇઝ મેળવનાર પ્રથમ ફ્રેન્ચ વિજેતા છે.
- કેન્સ ફિલ્મ ફેસ્ટીવલ-2021માં જોડી ફોસ્ટરને પાલ્મે ડી' ઓરથી સન્માનિત કરવામાં આવશે.
- કેન્દ્ર સરકારે ટીચર્સ એલિજિબીલીટી ટેસ્ટ (TET) પાસ કરનારનું સર્ટિફિકેટ આજીવન માન્ય રાખવાનો નિર્ણય કર્યો, જેની અગાઉની સમયમર્યાદા સાત વર્ષની હતી.
- મુંબઈ મહાનગરપાલિકાએ નગરપાલિકાના માર્ગને વિખ્યાત પત્રકાર સ્વ. કાંતિ ભટ્ટનું નામ આપ્યું.
- ગુજરાતની જાણીતી ન્યૂઝચેનલ VTVના 'મહામંથન' કાર્યક્રમથી પ્રખ્યાત થયેલ પત્રકાર ઈશુદાન ગઢવીએ પત્રકારત્વમાંથી રાજીનામુ આપ્યું.
- અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના કેપ્ટન અસગર અફગાનને હટાવીને તેના સ્થાને હરામતુલ્લા શાહિદીને કેપ્ટન બનાવ્યો.
- IFFCOએ પ્રથમ વખત વિશ્વભરના ખેડૂતો માટે નેનો યુરીયા લોન્ચ કર્યું.
- માર્ને લેવિન ફેસબુકનાં નવા ચીફ બિઝનેસ ઓફિસર (CBO) નિયુક્ત.
- મોરેશિયસના પૂર્વ રાષ્ટ્રપતિ અને પૂર્વ વડાપ્રધાન અનિરૂદ્ધ જગન્નાથનું નિધન. તેઓ મોરેશિયસમાં સૌથી વધુ લાંબા સમય (18 વર્ષ) સુધી રહેનાર વડાપ્રધાન હતા.
- ઓલરાઉન્ડર કૈલ જેમીસન ન્યુઝીલેન્ડના ગેમર્સ કેપ પુરસ્કાર (ક્રિકેટર ઓફ ધ યર)-2021 થી સન્માનિત.
- જી. આર. અરૂણકુમાર ઓલાના નવા ગૃપ CFO નિયુક્ત, જ્યારે સ્વયં સૌરભ ઓલાની ગતિશીલતા, નાણાકીય સેવાઓ અને ખાધ વ્યવસાયો માટેના નવા CFO નિયુક્ત.

**7 જૂન**

- ન્યુઝીલેન્ડના ઓપનિંગ બેટ્સમેન ડેવોન કોનવેએ લોર્ડ્સમાં ઇંગ્લેન્ડ વિરૂદ્ધ પોતાના ટેસ્ટ ડેબ્યૂમાં બેવડી સદી ફટકારીને ઇંગ્લેન્ડમાં ટેસ્ટ ડેબ્યૂમાં સૌથી વધુ રન કરવાનો મહાન ક્રિકેટર કે. એસ. રણજીતસિંહજીનો 125 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો.
- ગ્લોબલ એન્ટી-ટેરરિસ્ટ વોચડોગ ફાઇનાન્સિયલ એક્શન ટાસ્કફોર્સ (FATF)એ પાકિસ્તાનને 'Enhanced Follow-up List'માં યથાવત રાખ્યું.
- ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા (DCGI)એ સીરમ ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડિયાને ભારતમાં સ્પુટનિકV વેક્સિનના નિર્માણની મંજૂરી આપી.

- NTPC લિ. સંયુક્ત રાષ્ટ્રના ગ્લોબલ કોમ્પેક્ટના CEO વોટર મેન્ડેટમાં સામેલ થયું. CEO વોટર મેન્ડેટ કુશળ જળપ્રબંધન પર ધ્યાન કેન્દ્રિત કરનાર કંપનીઓની એક પ્રતિષ્ઠિત લિગ છે. NTPCના CMD ગુરદીપ સિંહ છે.
- ઇન્ડોનેશિયાના જ્વાળામુખી માઉન્ટ મેરાપીમાં વિસ્ફોટ થયો.
- ફિલ્મ ડિવિઝને વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે પર્યાવરણ પર એક ઓનલાઇન ફેસ્ટીવલ 'Oasis of Hope'નું આયોજન કર્યું.
- ભારતમાં ફસાયેલ વિદેશીઓની વિઝાની સમયમર્યાદા 31 ઓગસ્ટ સુધી વધારવામાં આવી.
- સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી થાવરચંદ ગેહલોતે વૃદ્ધ વ્યક્તિઓ માટે SAGE (સિનીયરકેર એજિંગ ગ્રોથ એન્જિન) પહેલ અને SAGE પોર્ટલ શરૂ કર્યું.
- વિશ્વની બીજી સૌથી મોટી સિમેન્ટ નિર્માતા કંપની હેડલબર્ગ સિમેન્ટ સ્વિડનમાં 2030 સુધીમાં દુનિયાનો પ્રથમ CO2-ન્યુટ્રલ સિમેન્ટ પ્લાન્ટ બનાવશે.
- ગુજરાતના વિશ્વામિત્રી રિવર પ્રોજેક્ટ, વડોદરાએ NGTની પ્રિન્સિપલ બેંચ દ્વારા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ નોડ મેળવ્યું.
- IIT-મદ્રાસમાં એશિયાનું પ્રથમ ઇન્ટરનેશનલ મેમરી સ્ટડીઝ વર્કશોપ યોજાયું.
- એરમાર્શલ વિવેક રામ ચૌધરી ઇન્ડિયન એરફોર્સના વાઇસ ચીફ નિયુક્ત.
- ICICI બેંક વૈશ્વિક રીતે 'SWIFT gpi Instant' સુવિધા આપનાર એશિયા-પેસિફિકની પ્રથમ અને દુનિયાની બીજી બેંક બની.
- ભારતીય રેલવે માટે સ્ટાન્ડર્ડ્સ તૈયાર કરનાર રિસર્ચ ડીઝાઇન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઇઝેશન (RDSO) કેન્દ્રની 'વન નેશન, વન સ્ટાન્ડર્ડ' સ્કિમમાં જોડાનાર પ્રથમ સ્ટાન્ડર્ડ બોડી બની.
- ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન વર્લ્ડ રેન્કિંગ્સમાં ઇન્ડિયન મેન્સ હોકી ટીમ ચોથા ક્રમે અને મહિલા ટીમ નવમા ક્રમે.

**8 જૂન**

- નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇમ્યુનોલોજી (NII) દ્વારા વિકસિત ભારતના પ્રથમ સ્વદેશી ટ્યુમર એંટીજન 'SPAG9'ને ASPAGNITM ટ્રેડમાર્ક પ્રાપ્ત થયું.
- IT કંપની વિપ્રોએ પોતાના ઈતિહાસમાં પ્રથમ વખત માર્કેટ કેપમાં 3 લાખ કરોડ રૂપિયા સાથે ઇન્ફોસિસ અને TCS બાદ ત્રીજું સ્થાન મેળવ્યું.
- ટાઈમ્સ 50 મોસ્ટ ડિઝાયરેબલ મેન-2020 લિસ્ટમાં સ્વર્ગસ્થ અભિનેતા સુશાંત સિંહ પ્રથમ ક્રમે. આ યાદીમાં વિવિધ ક્ષેત્રે કાર્ય કરતા 40 વર્ષથી ઓછી વયનાં પુરૂષોનો સમાવેશ થયો છે.

- સાંસદ અભિષેક બેનર્જી તૃણમૂલ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ નિયુક્ત, જે મમતા બેનર્જીના ભત્રીજા છે.
- છત્તીસગઢમાં રાજનાંદગાંવના છુઈદખાન-બકરકટ્ટા માર્ગ પર નકસલવાદથી અસરગ્રસ્ત વિસ્તારમાં જંગલ અને પહાડો કાપીને 12.70 કિલોમીટર લંબાઇ ધરાવતો રસ્તો બનાવાયો. આ વિસ્તારને છત્તીસગઢ-મધ્યપ્રદેશનો નક્સલ કોરિડોર પણ કહેવાય છે.
- કેલિફ્રોર્નિયામાં બંદૂકો પર 30 વર્ષ જૂનો પ્રતિબંધ હટાવવામાં આવ્યો. આ પ્રતિબંધ હથિયાર રાખવાના બંધારણીય અધિકારનો ભંગ કરતો હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો.
- કેન્યા નજીક હિંદ મહાસાગર સ્થિત દુનિયાના બીજા સૌથી ઊંડા પાણીના બંદર 'લામૂ પોર્ટ' પર ચીન પોર્ટનું નિર્માણ કરશે.
- ચીને ESAT નામનો કૃત્રિમ સૂર્ય તૈયાર કર્યો, જે કુદરતી સૂર્ય કરતા પણ વધુ શક્તિશાળી છે.
- Microsoft દ્વારા પ્રથમ એશિયા-પેસિફિક સાઇબર સિક્યુરિટી કાઉન્સિલ શરૂ કરવામાં આવી.
- IIT-હૈદરાબાદે નેનો ફાઈબર આધારિત એમ્ફોટેરીસીન બી. ઓરલટેબ્લેટ વિકસાવી, જે ફંગલ ઇન્ફેકશન માટે ઉપયોગી થશે.
- ભારતે 'રાષ્ટ્રીય પોષણ અભિયાન' શરૂ કર્યું, જે અંતર્ગત 2022 સુધીમાં ભારતને કુપોષણમુક્ત બનાવવા માટે વિશ્વ બેંક સાથે 200 મિલિયન ડોલરના કરાર કરવામાં આવ્યા.
- પરિવારના DNAના માધ્યમથી ગુમ વ્યક્તિઓની ઓળખ માટે ઇન્ટરપોલે 'I-Familla' નામનું ગ્લોબલ ડેટાબેઝ લોન્ચ કર્યું.
- રેડબુલનાં ડ્રાઈવર સર્જિયો પેરેઝે બાકૂમાં ફોર્મ્યુલા વન અજરબૈજાન ગ્રા. પ્રી.નું ટાઇટલ જીત્યું.

**9 જૂન**

- અલ્હાબાદ હાઈકોર્ટનાં પૂર્વ ન્યાયાધીશ બાલાકૃષ્ણ નારાયણ ઉત્તરપ્રદેશ માનવાધિકાર આયોગના નવા અધ્યક્ષ નિયુક્ત.
- સંજીવ નંદન સહાય પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (PNGRB)ના અધ્યક્ષ નિયુક્ત.
- ઇંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ દ્વારા ક્રિકેટર ઓલી રોબિન્સનને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા. તેને 2012-13ના એક જાતીવાદી ટ્વીટ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા.
- અભિનેત્રી સારા અલી ખાન સ્માર્ટફોન બ્રાન્ડ વિવોની આગામી Y-સિરીઝ સ્માર્ટફોન માટે 'ચીફ સ્ટાઈલ આઇકન' નિયુક્ત.

- ભારતીય અમેરિકન કૃષ્ણ કુમાર એડાથિલના નેતૃત્વવાળા આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ સેન્ટર ઓફ એકસલન્સને સ્ટેટ સ્કૂપ 50 નેશનલ એવોર્ડ્સ-2021ના ભાગ તરીકે સ્ટેટ ઇનોવેશન ઓફ ધ યરનો એવોર્ડ આપવામાં આવ્યો.
- હિતેન્દ્ર દવે HSBC ઇન્ડિયાના અંતરિમ CEO નિયુક્ત.
- ગુજરાતમાં કેવડિયાને ઇલેક્ટ્રિક વ્હીકલ સિટી તરીકે વિકસાવવામાં આવશે.
- કેન્દ્રીય શિક્ષણ વિભાગે સ્કુલ શિક્ષણ વ્યવસ્થાનો પરફોર્મન્સ ગ્રેડિંગ ઇન્ડેક્સ (PGI) રજુ કર્યો, જે અનુસાર 2019-20 માટે પંજાબ, ચંડીગઢ, તમિલનાડુ, અંદમાન-નિકોબાર તથા કેરળને A++ અને ગુજરાત, દિલ્હી, રાજસ્થાન, હરિયાણાને A+ ગ્રેડ ગ્રેડ આપવામાં આવ્યા.
- વડાપ્રધાન મોદીએ તમામ નાગરિકોને ફ્રી વેક્સિન તથા દિવાળી સુધી 80 કરોડ લોકોને ફ્રી રેશન આપવાની જાહેરાત કરી.
- એમેઝોનના સંસ્થાપક જેફ બેઝોસ પોતાની કંપની બ્લૂ ઓરિજિનના પ્રથમ અંતરિક્ષ યાત્રા અભિયાનમાં જોડાશે.
- ગુજરાતના સ્વનિર્ભર શાળા સંચાલકો સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને IMA સાથે મળીને શિક્ષકોને USAના લાઇફ કોચ ડૉ. કમલ પરીખના નેતૃત્વમાં કોરોના વોરીયર્સની ટ્રેનિંગ આપશે, જે અંતર્ગત શિક્ષકો વાલીઓ અને અન્ય લોકોમાં વેક્સિન જેવા મુદ્દાઓ પર માર્ગદર્શન આપશે.
- અમેરિકાની 15 વર્ષીય કોકો ગોફ ફ્રેંચ ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટની વિમેન્સ સિંગલની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચનાર સૌથી નાની વયની ખેલાડી બની.

**10 જૂન**

- પર્યટન ઉધોગ અને સ્થાનિક વ્યવસાયોના વિકાસ માટે ચીને ‘રેડ ટુરિઝ્મ’ અભિયાન શરૂ કર્યું.
- ગુજરાત સરકાર નાણાકીય વર્ષ 2021-22માં થિયેટર્સ, મલ્ટિપ્લેક્સ અને જિમ્નેશિયમને પ્રોપર્ટી ટેક્સ અને ઇલેક્ટ્રીસિટી બિલના ફિક્સ ચાર્જિસમાંથી મુક્તિ આપશે.
- ઇતિહાસમાં પ્રથમ વખત અમેરિકન નેવિઅને બોઇંગ કંપનીએ માનવરહિત ડ્રોન દ્વારા વિમાનમાં ઇંધણ ભરવાનો સફળ પ્રયાસ કર્યો.
- RTOની એપ વાહન4ને કેન્દ્ર સરકારે મંજૂરી આપતા વાહનના ઈ-રેકોર્ડને સત્તાવાર માન્યતાઓ મળી.
- અમુલ મિલ્ક માર્કેટિંગ ફેડરેશને મહેસાણાની દૂધ સાગર ડેરીને હિમાચલ પ્રદેશમાં દૂધ એકત્રીકરણ અને પ્રોસેસિંગ પ્લાન્ટ શરૂ કરવાની મંજૂરી આપી.
- ટેકનોલોજી ક્ષેત્રે ચીન પરની નિર્ભરતાને ઘટાડવા માટે અમેરિકાની સેનેટમાં ‘US ઇનોવેશન એન્ડ કોમ્પિટિશન એક્ટ’ હેઠળ 18 લાખ કરોડ રૂપિયાનું બિલ લાવવામાં આવશે.

- પુણેની નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ વાયરોલોજીએ બ્રાઝિલ અને બ્રિટનથી ભારત આવેલ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓમાં COVID-19ના નવા વેરિએન્ટ B.1.1.28.2ની શોધ કરી.
- મહાત્મા ગાંધીના 56 વર્ષીય પ્રપૌત્રી આશિષલતા રામગોબિનને 62 લાખ રેન્ડ (3.22 કરોડ રૂપિયા)ના ફ્રોડ અને ફોર્જરી કેસમાં દક્ષિણ આફ્રિકાની અદાલતે 7 વર્ષની કેદની સજા કરી.
- માલદીવના વિદેશ મંત્રી અબ્દુલ્લા શાહિદ UN જનરલ એસેમ્બલી (UNGA)ના 76મા સત્રના અધ્યક્ષ નિયુક્ત.
- બાબા રામદેવની કોરોનિલ કીટના વિતરણ પર ભૂટાન બાદ નેપાળમાં પણ પ્રતિબંધ મૂકાયો.
- ગુજરાત સરકારે વિનામૂલ્યે આરોગ્ય સુવિધા આપતી ‘મા યોજના’ અંતર્ગત પરિવાર દીઠ એક કાર્ડને સ્થાને વ્યક્તિદીઠ એક કાર્ડ આપવાનો નિર્ણય કર્યો.
- ગ્લોબલ ટીચર્સ એવોર્ડ-2020થી સન્માનિત પ્રથમ ભારતીય રણજીત સિંહ દિસાલે વિશ્વ બેંકના શિક્ષણ સલાહકાર નિયુક્ત, જે વિશ્વ બેંક દ્વારા શરૂ કરવામાં આવેલ કોચ પ્રોજેક્ટ પર કાર્ય કરશે.
- અરૂણાચલ પ્રદેશનની મોનપા બોલી પર આધારિત ફિલ્મ ‘વોટર બરિયલ’ પર્યાવરણ સંરક્ષણ શ્રેણીમાં બેસ્ટ ફિલ્મ નેશનલ એવોર્ડથી સન્માનિત.

## 11 જૂન

- ભારતીય ઓલિમ્પિક સંઘનાં ઉપાધ્યક્ષ અને સ્વિમિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયા (SFI)ના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર વીરેન્દ્ર નાણાવટી કતરમાં આયોજિત ગ્લોબલ જનરલ કોંગ્રેસમાં ઇન્ટરનેશનલ સ્વિમિંગ ફેડરેશન (FINA) બ્યુરોના સભ્ય નિયુક્ત, તેઓ આ સભ્યપદ મેળવનાર પ્રથમ ભારતીય બન્યા.
- અભિનેત્રી તિલોત્તમા શોમે UK એશિયન ફિલ્મ ફેસ્ટીવલના 23મા સંસ્કરણમાં બેસ્ટ એક્ટ્રેસનો પુરસ્કાર જીત્યો. તેમણે આ પુરસ્કાર ફિલ્મ ‘રાહગીર: ધ વેફેયરર્સ’ માટે જીત્યો.
- અનુપ ચંદ્ર પાંડે નવા ચૂંટણી કમિશનર નિયુક્ત. ત્રણ સદસ્યીય ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રા છે, જ્યારે અન્ય ચૂંટણી કમિશનર તરીકે રાજીવ કુમાર સામેલ છે.
- મહેશ કુમાર જૈન ફરીથી RBIના ડેપ્યુટી ગવર્નર નિયુક્ત. માઇકલ પાત્રા, એમ. રાજેશ્વર રાવ અને રબી શંકર RBIના અન્ય ત્રણ ડેપ્યુટી ગવર્નર્સ છે.
- સ્પૂર્તિ પ્રિયા ફેસબુક ઇન્ડિયાનાં ગ્રીવાન્સ ઓફિસર (ફરિયાદ અધિકારી) નિયુક્ત.
- ઓક્ટોબર-2021માં યોજાનાર મેરેથોન બાદ 2022થી TCS લંડન મેરેથનની ટાઇટલ પાર્ટનર કંપની બનશે.
- રિયર એડમિરલ કપિલ મોહન ધીર જોઇન્ટ સેક્રેટરી (નેવિ એન્ડ ડિફેન્સ પરસોનલ) નિયુક્ત. તેઓ આ પદ પર નિયુક્ત થનાર પ્રથમ આર્મ્ડ ફોર્સ અધિકારી છે.

- બ્રિટનની લક્ઝરી કાર મેકર કંપની મેકલેરેને ભારતમાં GT720S અને 720S સ્પાઈડર કારના મોડલ સાથે શો રૂમ શરૂ કરીને બિઝનેસની શરૂઆત કરી.
- ટેક કંપની એપલ ઇન્ક.એ તેની વાર્ષિક વર્લ્ડવાઈડ ડેવલપર કોન્ફરન્સ (WWC-2021)માં ઓપરેટિંગ સિસ્ટમ IOS-15 લોન્ચ કરી.
- ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સની ચોથી સિઝન હરિયાણામાં યોજાશે. આ વર્ષથી અંડર-17 ખેલાડીઓ ઉપરાંત 18 વર્ષ સુધીના ખેલાડીઓ પણ ભાગ લઇ શકશે. આ સિઝનમાં પાંચ સ્વદેશી રમતો થાંગ (મણિપુર), યોગાસન, મલખંભ (મધ્યપ્રદેશ), કલરિપયટ્ટુ (કેરલ) અને ગતકા (પંજાબ)નો પ્રથમ વખત સમાવેશ કરવામાં આવશે.
- નીતિ આયોગ અને પિરામલ ફાઉન્ડેશને દેશના 112 એસ્પિરેશનલ જિલ્લાઓમાં 'સુરક્ષિત હમ સુરક્ષિત તુમ' અભિયાન શરૂ કર્યું, જેમાં જિલ્લા વહીવટીતંત્રને હળવા કે લક્ષણો ન ધરાવતા કોવિડ-19નાં દર્દીઓને હોમકેર સપોર્ટ આપવામાં આવશે.
- ગુજરાત સરકારે ધોરણ 1થી 10 સુધીના વિદ્યાર્થીઓ માટે 'જ્ઞાનસેતુ' કાર્યક્રમ હેઠળ 'બ્રિજકોસ-ક્લાસ રેડીનેસ કાર્યક્રમ' શરૂ કર્યો, જેમાં વિદ્યાર્થીને અગાઉના ધોરણોના અભ્યાસની બાબતોનું પુનરાવર્તન કરાવવામાં આવશે.
- ચૂંટણી પંચના અહેવાલ મુજબ વર્ષ 2019-20માં ભાજપને કોર્પોરેટ્સ અને વ્યક્તિગત ધોરણે 750 કરોડ રૂપિયાનું ભંડોળ મળ્યું, કોંગ્રેસ 139 કરોડ રૂપિયા સાથે બીજા ક્રમે. જ્યારે સૌથી વધુ ચૂંટણી ભંડોળ ઉઘરાવવામાં 'કોંગ્રેસ' પ્રથમ સ્થાને.
- તુર્કીના મારમરા સમુદ્રમાં 100 ફૂટ ઊંડે સુધી સી-સ્નોટ જામેલો જોવા મળ્યો, જે એક પ્રકારનો સમુદ્રી કાદવ છે અને તે વહાણવટા, માછીમારો માટે મુશ્કેલી ઉભી કરે છે.



## 12 જૂન

- ઇકોનોમિસ્ટ ઇન્ટેલિજન્સ યુનિટ દ્વારા તૈયાર કરાયેલ 'રહેવા માટે સૌથી વધુ પસંદગી પામનાર શહેરો'ની યાદીમાં ન્યુઝીલેન્ડનું ઓકલેન્ડ વિશ્વમાં પ્રથમ ક્રમે, સિરિયાનું દમાસ્કસ શહેર સૌથી ખરાબ શહેર.
- ઇઝરાયેલની વાઇઝમેન ઇન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સના રિસર્ચર પ્રો. રોન મિલોના અભ્યાસ મુજબ વિશ્વમાં કોરોના વાઇરસનું કુલ વજન 1 કિલો અને જ્યારે તેનું અસર ટોચ પર હતી ત્યારે તેનું કુલ વજન 10 કિલો હતું.
- સાઉથ આફ્રિકાની ગોસિઆમે સિયોલે નામની 37 વર્ષીય મહિલાએ એક સાથે 10 બાળકોને જન્મ આપીને વિક્રમ નોંધાવ્યો. અગાઉ એક માસ પહેલા જ સાઉથ આફ્રિકાની હાલિમા નામની મહિલાએ એક સાથે 9 બાળકોને જન્મ આપ્યો હતો.
- અલ સાલ્વાડોર બિટકોઇનને કાયદેસર માન્યતા આપનાર પ્રથમ દેશ બન્યો.
- કોલકાતામાં કોરોનાથી બચવા માટે માસ્ક પહેરવાનો સંદેશ આપતી પ્રવાસી માતાની મૂર્તિ મુકવામાં આવી, જે પ્રથમ દેશવ્યાપી લોકડાઉનમાં બાળકોને ઊંચકીને લઇ જતી સેંકડો માતાઓનાં સન્માનમાં સ્થાપિત કરાઈ.
- રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ અને ગુજરાત કો-ઓપ. મિલ્ક માર્કેટિંગ ફેડરેશને સંયુક્ત રીતે આણંદપર ગામમાં 'અમૂલ માઈક્રો ATM પ્રોજેક્ટ' શરૂ કર્યો. આ પ્રોજેક્ટ અંતર્ગત  દૂધ ઉત્પાદકો ATM દ્વારા પોતાનો હિસાબ રાખી ડિજિટલ નાણાકીય વ્યવહાર કરી શકશે.
- જેમ્સ એન્ડરસન ઇંગ્લેન્ડ માટે સૌથી વધુ ટેસ્ટ રમનાર ખેલાડી બન્યો.
- 1995માં સર્બિયન સૈન્યએ 8000થી વધુ બોસ્નિયન મુસ્લિમોની કરેલ હત્યાના સંદર્ભમાં 'બોસ્નિયન કસાઈ' તરીકે પ્રખ્યાત રાત્કો મ્લાદીચની આજીવન કેદની સજાને UN ક્રાઈમ ટ્રીબ્યુનલે માન્ય રાખતા તેની આજીવન કેદમાંથી મુક્ત થવાની અંતિમ અરજી પણ રદ થઇ ગઈ.
- ડોમિનિકન હાઈકોર્ટે PNB ફ્રોડ કેસના આરોપી મેહુલ ચોક્સીને પ્રતિબંધિત વિદેશી નાગરિક ઘોષિત કર્યો.
- અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેને રાષ્ટ્રપતિ બન્યા બાદ પોતાની પ્રથમ વિદેશ યાત્રા અંતર્ગત યુરોપની મુલાકાત લીધી.
- ભારતે 2022-24ના સમયગાળા માટે UN ઇકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ (ECOSOC)નું સભ્યપદ મેળવ્યું.

## 13 જૂન

- UNમાં ભારતના સ્થાઈ ઉપ-પ્રતિનિધિ કે. નાગરાજ નાયડુ UN મહાસભાના અધ્યક્ષ અબ્દુલ્લા શાહિદના શેફ ડી કેબિનેટ નિયુક્ત.
- એમેઝોન ઓસ્ટ્રેલિયાના પ્રમુખ મેટ ફર્લોંગ ગેમસ્ટોપના CEO નિયુક્ત.
- અનીતા ફ્ર્યૂ રોલ્સ-રોયસ મોટર કાર્સનાં અધ્યક્ષ નિયુક્ત. આ પદ ગ્રહણ કરનાર અનીતા પ્રથમ મહિલા છે.
- ફિલિપિનો જાપાની કિશોરી અને જાપાન LPGA ટૂર્નામેન્ટની ખેલાડી યુકા સાસોએ નાસા હાતોકાને હરાવીને US વિમેન્સ ઓપન ગોલ્ફ ટૂર્નામેન્ટનું ટાઈટલ જીત્યું.
- વિશ્વવીર આહુજા RBL બેંકના MD અને CEO તરીકે ફરીથી નિયુક્ત.
- ડેબી હેવિટ ફૂટબોલ એસોસિએશનનું નેતૃત્વ કરનાર પ્રથમ મહિલા બનશે.
- ચિતકારા યુનિવર્સિટી-પંજાબનાં સહાયક ડીન ડૉ. ચારૂ ખોસલાએ ઊર્જા પ્રબંધ ક્ષેત્રે ઉલ્લેખનીય કાર્યો માટે પ્રતિષ્ઠિત ગ્રીનપ્રેન્યોર એવોર્ડ-2021 જીત્યો.
- LICના અધ્યક્ષ એમ. આર. કુમારનો કાર્યકાળ 9 માસ સુધી વધારવામાં આવ્યો.
- સંજય યાદવ અલ્હાબાદ હાઈકોર્ટનાચીફ જસ્ટિસ નિયુક્ત.
- યસ બેંકના પૂર્વ CIO અનુપ પુરોહિત વિપ્રો લિ.ના મુખ્ય સૂચના અધિકારી (CIO) નિયુક્ત.
- ઇંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ દ્વારા આયોજિત 100 બોલ્સના ફોરમેટમાં યોજાનાર ટૂર્નામેન્ટ 'ધ હન્ડ્રેડ વિમેન્સ કોમ્પિટિશન'માં પાંચ ભારતીય મહિલા ક્રિકેટર્સ સામેલ, જેમાં શેફાલી વર્મા, હરમનપ્રીત, જેમિમા રોડ્રિગ્સ, સ્મૃતિ મંધાના અને દીપ્તિ શર્માનો સમાવેશ થયો.
- ભારતના નિરજ ચોપડાએ લિસ્બનના મિટિંગ સિડડે ડી લિસ્બોઆમાં આયોજિત જેવલીન થ્રોમાં ભાલાને 83.18 મીટર ફેંકીને ગોલ્ડ મેડલ જીત્યો.
- અમેરિકાનું સૌથી મોટું જળાશય મીડ લેક અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે પહોંચ્યું.
- ભારતીય સ્ટાર ક્રિકેટર વિરેન્દ્ર સેહવાગે ક્રિકેટ કોચિંગ માટે એક લર્નિંગ પોર્ટલ 'CRICURU' લોન્ચ કર્યું. આ ભારતની પ્રથમ AI બેઝ્ડ કોચિંગ વેબ્સાઈટ છે.

## 14 જૂન

- નાઈઝીરીયન સરકાર સત્તાવાર રીતે ભારતીય ટ્વીટર વિકલ્પ 'કૂ'માં સામેલ.
- મહારાષ્ટ્ર સરકારે પોતાના આગામી નવા મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટનું નામ શિવસેનાના સંસ્થાપક સ્વ. બાળ ઠાકરેના નામ પર રાખવાનો નિર્ણય કર્યો.
- એનિમિયામુક્ત ભારત સૂચકાંક 2020-21માં મધ્યપ્રદેશ પ્રથમ ક્રમે.
- ફોર્બ્સની ઇન્ડિયન કેટેગરીમાં 'વર્લ્ડ્સ બેસ્ટ બેંક-2021'ની યાદીમાં DBS બેંક ટોચના સ્થાને. સતત બીજા વર્ષે ભારતમાં 30 ડોમેસ્ટિક અને આંતરરાષ્ટ્રીય બેંકોમાં DBS પ્રથમ ક્રમે. સુરોજિત શોમ DBSના MD અને CEO છે.

- RBIએ ગીરીશ ચંદ્ર ચતુર્વેદીની ICICI બેંકના અંશકાલીન અધ્યક્ષ તરીકે નિયુક્તિને મંજૂરી આપી.
- ચંદ્રશેખર ઘોષને બંધન બેંકના MD અને CEO તરીકે વિસ્તાર આપવામાં આવ્યો.
- બેનેડીટ્ટો વિગ્ના ઇટાલિયન લક્ઝરી સ્પોર્ટ્સ કાર નિર્માતા ફેરારીના નવા CEO નિયુક્ત.
- આશિષ શરાફ ફ્રાન્સના ડિફેન્સ અને એરોસ્પેસ ગૃપ થેલ્સના વાઇસ પ્રેસિડેન્ટ અને ભારત માટે કન્ટ્રી ડિરેક્ટર નિયુક્ત.
- ઝિમ્બાબ્વેની નોવેલિસ્ટ ત્સીત્સી ડેંગારેમ્બગા પેન પીન્ટર પ્રાઇઝ-2021થી સન્માનિત.
- UN વિકાસ કાર્યક્રમે ભારતના આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ (Aspirational Districts Programme – ADP)ની પ્રશંસા કરીને તેને સ્થાનીય વિકાસ માટે એક સફળ મોડલ ગણાવ્યું. દુનિયાના અન્ય ભાગોમાં આવા કાર્યક્રમ શરૂ કરવાની ભલામણ પણ કરી.
- ગુગલ અમેરિકા, બ્રાઝિલ, આર્જેન્ટીના અને ઉરૂગ્વેને જોડતા દુનિયાના સૌથી લાંબા સમુદ્રી કેબલ 'Firmina'ની સ્થાપના કરશે.
- IIT-બોમ્બે, IIT-દિલ્હી અને IISc બેંગલોર QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ-2022ની TOP-200 સંસ્થાઓમાં સામેલ. અમેરિકાનું મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (MIT) પ્રથમ ક્રમે.
- પર્યાવરણવિદ સુનીતા નારાયણ સ્વિડીશ આંતરરાષ્ટ્રીય વિકાસ સહયોગ મંત્રી દ્વારા જળવાયુ પ્રક્રિયા માટે એક આંતરરાષ્ટ્રીય સલાહકાર સમૂહમાં સામેલ.

**15 જૂન**

- અમેરિકન સેનેટ દ્વારા ન્યુ જર્સી ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં પાકિસ્તાની-અમેરિકન જાહિદ કુરેશીને નિયુક્ત કરવામાં આવતા તેઓ અમેરિકાના ઈતિહાસમાં પ્રથમ મુસ્લિમ સંઘીય ન્યાયાધીશ બન્યા.
- જાન્યુઆરી-2021માં UN મહાસભામાં પોતાનો મતદાન અધિકાર ગુમાવ્યા બાદ ઈરાને ફરીથી તે અધિકાર મેળવી લીધો. તેણે આ અધિકાર બે વર્ષથી વધુ સમયના UNના બાકી પેમેન્ટની ચૂકવણી ન કરતા ગુમાવ્યો હતો, પરંતુ મિનિમમ પેમેન્ટ ચૂકવી દેતા તે અધિકાર પુન:પ્રાપ્ત કરી લીધો.
- BHUના સંગીત અને મંચ કલા વિભાગના કથક શિક્ષક ડૉ. વિધિ નાગરને ઇન્દિરા ગાંધી સંગીત યુનિવર્સિટી, ખેરાગઢ દ્વારા ડી. લિટની ડિગ્રી આપવામાં આવી. કથક નૃત્ય ક્ષેત્રે આ પદવી મેળવનાર તેઓ પ્રથમ મહિલા છે.
- G7 નેતાઓએ ચીનના બેલ્ટ એન્ડ રોડ ઇનિશિએટીવ (BRI)નો સામનો કરવા માટે વિકાસશીલ દેશોના સહયોગ માટે એક નવી વૈશ્વિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર પહેલ 'બિલ્ડ બેક બેટર વર્લ્ડ' (B3W)ની શરૂઆત કરી.

- ભારતીય મૂળનાં પત્રકાર મેઘા રાજગોપાલને ઉઈગર મુસ્લિમોને પકડવા માટેના ચીનના વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ખુલ્લુ પાડવા માટેના ઇન્ટરનેશનલ રિપોર્ટીંગ બદલ પુલિત્ઝર એવોર્ડ જીત્યો. મેઘાએ આ એવોર્ડ એલિસન કિલિંગ અને ક્રિસ્ટો બુશચેક સાથે સંયુક્ત રીતે મેળવ્યો.
- રશિયન અનાસ્તાસિયાને હરાવીને બારબોરા ક્રેઝીકોવાએ ટેનિસમાં ફ્રેન્ચ ઓપન વિમેન્સ સિંગલનું ટાઇટલ જીત્યું.
- ગુજરાત RSSના પૂર્વ પ્રમુખ અમૃત કડીવાલાનું કોવિડ-19ને કારણે નિધન.
- મધ્ય રેલવેએ પ્રથમ વખત માલ કે વસ્તુ રેકની તપાસ માટે કલ્યાણ ગુડ્સ યાર્ડમાં મહિલા ટીમની રચના કરી.
- વારસોમાં આયોજિત પોલેન્ડ રેન્કિંગ સિરીઝમાં યુક્રેનની ક્રિસ્ટીના બેરેજાને હરાવીને ભારતીય રેસલર વિનેશ ફોગાટે વિમેન્સ 53 KG ફ્રીસ્ટાઈલ કેટેગરીમાં ગોલ્ડ જીત્યો.
- બોલીવુડ અભિનેતા સોનુ સૂદે સિવિલ સેવાઓમાં સામેલ થવા ઈચ્છતા લોકો માટે ફ્રી કોચિંગ સ્કોલરશિપની ઘોષણા કરી. તેમણે આ માટે IAS ઉમેદવારોની મદદ માટે એક નવી પહેલ ‘સંભવમ’ શરૂ કરી.
- નફ્તાલી બેનેટ ઇઝરાયેલના નવા વડાપ્રધાન નિયુક્ત.
- એમેઝોન ઇન્ડિયાએ વિદ્યાર્થીઓ માટે એપ્લાઈડ મશીન લર્નિંગ (ML) સ્કિલ માટે ઇન્ટીગ્રેટેડ એજ્યુકેશન પ્રોગ્રામ ‘ML સમર સ્કુલ’ની શરૂઆત કરી, જે MLમાં વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં મદદ આપશે.
- ભારતના પૂર્વ ક્રિકેટર વીનુ માંકડ ICC હોલ ઓફ ફેમના સ્પેશિયલ સિરીઝ લિસ્ટના 10 ખેલાડીઓમાં સામેલ.
- નોવાક જોકોવિચે પોતાનું બીજું ફ્રેન્ચ ઓપન મેન્સ સિંગલ ટેનિસ ટાઈટલ જીત્યું.

**16 જૂન**

- લક્ષદ્વીપ પોલીસે ફિલ્મ નિર્માતા આયેશા સુલતાના વિરૂદ્ધ રાજદ્રોહ અને અભદ્ર ભાષાના આરોપ હેઠળ ગુનો નોંધ્યો.
- કોરોના મહામારીને કારણે માતાપિતા ગુમાવનાર બાળકો માટે ગુજરાત સરકારે જાહેર કરેલ ‘બાળસેવા યોજના’માં બાળકના શરૂઆતથી અંત સુધીના તમામ શિક્ષણ માટે સહાય આપવામાં આવશે. આ સહાય 18 વર્ષથી 24 વર્ષની વય સુધી શિક્ષણ ચાલુ હોય ત્યાં સુધી મળશે.
- ભારતમાં ઊર્જા ક્ષેત્રે વિકાસ માટે ‘ઇનોવેશન ક્લિનટેક એક્સચેન્જ’ અભિયાન શરૂ કર્યું.
- G7નું 47મું સંમેલન બ્રિટનના કોર્નવોલ ખાતે યોજાયું. આ સંમેલનની ખાસ વાત એ છે કે ભારત G7નું સભ્ય ન હોવા છતાં બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સનના ખાસ

આમંત્રણથી વડાપ્રધાન મોદી વિડીયો કોન્ફરન્સ દ્વારા જોડાયા. મોદીએ આ કોન્ફરન્સ દ્વારા વિશ્વને 'વન અર્થ, વન હેલ્થ'નો મંત્ર આપ્યો. G7ના સભ્ય દેશો: કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઇટલી, જાપાન, UK અને US છે.

- સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે યુદ્ધ અને સૈન્ય અભિયાનો સાથે સંકળાયેલ ઈતિહાસને આર્કાઇવ કરવા માટે તેને ગોપનીય યાદીમાંથી દૂર કરવા તથા તેના સંગ્રહ માટેની નવી નીતિને મંજૂરી આપી.
- કેન્દ્રીય માર્ગ-પરિવહન મંત્રાલયના નવા નિયમ મુજબ ડ્રાઈવિંગ સેન્ટર ખાતે ટ્રેનિંગ લીધેલ વ્યક્તિને ડ્રાઈવિંગ ટેસ્ટ વિના જ લાયસન્સ આપી દેવામાં આવશે. આ માટે ડ્રાઈવિંગ સેન્ટર સરકાર માન્ય ટેકનોલોજી ધરાવતું હોવું જોઈએ.
- અમેરિકા ભારતને ત્રણ MH-60 રોમિયો હેલિકોપ્ટર આપશે.
- ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશનના ઉપાધ્યક્ષ સી. આર. વિશ્વનાથનનું નિધન. તેઓ તમિલનાડુ ફૂટબોલ એસોસિએશનના પૂર્વ અધ્યક્ષ પણ હતા.
- બ્રાઝિલના રાષ્ટ્રપતિ ઝેર બોલ્સનારોને રેલી દરમ્યાન માસ ન પહેરવા બદલ 110 ડોલરનો દંડ ફટકારવામાં આવ્યો.
- ઇઝરાયેલ દુનિયાનો પ્રથમ માસ્ક-ફ્રી દેશ ઘોષિત.
- NATO સમિટ-2021 બ્રસેલ્સ (બેલ્જિયમ)માં યોજાઈ.
- જમ્મુ-કાશ્મીરનું વેયાન ગામ COVID-19 રસીકરણમાં તમામ વયસ્કોના રસીકરણને પૂર્ણ કરનાર ભારતનું પ્રથમ ગામ બન્યું.

**17 જૂન**

- કોસ્ટારિકાનાં અર્થશાસ્ત્રી રેબેકા ગ્રીનસ્પેન UN કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD)નાં પ્રથમ મહિલા સેક્રેટરી-જનરલ બન્યાં.
- ભારતે કોવિડ-19 સામે લડવા માટે 'Extension of Hospitals' પ્રોજેક્ટ શરૂ કર્યો.
- ઓલિમ્પિક-2024 માટે ભારતીય એથ્લીટ્સને તાલીમ આપવા 'Central Athlete Injury Management System (CAIMS)' શરૂ કરવામાં આવી.
- નાગરાજ અડિગા ઇન્ટરનેશનલ એસોસિએશન ઓફ અલ્ટ્રારનર્સ કાઉન્સિલમાં એશિયા-ઓસિનીયા રિપ્રેઝન્ટેટિવ ચૂંટાયા.
- SEBI (સિક્યુરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા)એ રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર્સને માન્યતા આપવા અને તેમની દેખરેખ રાખવા માટે BSE લિ.ની સહાયક કંપની તરીકે BSE એડમિનિસ્ટ્રેશન એન્ડ સુપરવિઝન લિ. (BASL)ની નિમણૂક કરી.

- ICCએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલના વિજેતા અને ઉપવિજેતા માટે પુરસ્કાર રકમની જાહેરાત કરી, જે અંતર્ગત ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે યોજાનાર ફાઈનલમાં વિજેતા ટીમને 12 કરોડ રૂપિયા અને હરનાર ટીમને 6 કરોડ રૂપિયા આપવામાં આવશે.
- ચેરિટી એન્ડ ફાઉન્ડેશન (CAF) દ્વારા તૈયાર કરવામાં આવેલ વર્લ્ડ ગિવીંગ ઇન્ડેક્સ-2021 અનુસાર ભારત વિશ્વનો 14મો સૌથી ધર્માર્થ (ઉદાર) દેશ છે. ભારતે દુનિયાના 20 સૌથી ઉદાર દેશોમાં સ્થાન મેળવ્યું. ઇન્ડોનેશિયા પ્રથમ સ્થાને.
- બાળકોમાં ઈ-શિક્ષણને કારણે ડિસ્લેક્સિયા રોગનાં લક્ષણો જોવા મળ્યાં, જેના કારણે બાળકોને 'b' અને 'd', 'S' અને '2' અથવા 'ઢ' અને 'ઠ'નો ભેદ સમજવામાં મુશ્કેલી થાય છે.
- ભારતીય મૂળનાં અમિકા જ્યોર્જને બ્રિટનનો ત્રીજો સૌથી સર્વોચ્ચ પુરસ્કાર 'મેમ્બર ઓફ ધ ઓર્ડર ઓફ ધ બ્રિટીશ એમ્પાયર' (MBE) આપવામાં આવ્યો. આ પુરસ્કાર તેમણે સરકારને ફ્રી પિરિયડ પ્રોજેક્ટ માટે રાજી કરવા બદલ મેળવ્યો.
- અમદાવાદના શાહીબાગ ખાતે આવેલ કેમ્પ હનુમાનના મંદિરને રિવરફ્રન્ટ પર ખસેડવા સામે હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરવામાં આવી.
- ગુજરાત ધર્મ સ્વાયત્તતા અધિનિયમ (લવજેહાદ) કાયદાને અમલમાં મુકનાર ભારતનું પાંચમું રાજ્ય બન્યું.
- સોનામાં BIS માપદંડ પ્રમાણેનું ફરજિયાત હોલમાર્કિંગ દેશના 256 જિલ્લામાં પ્રારંભિક રીતે અમલમાં મૂકાયું. હોલમાર્કિંગમાં ઘડિયાળ, ફાઉન્ટન પેન અને કુંદન, પોલકી જેવા વિશેષ પ્રકારના આભૂષણને મુક્તિ આપવામાં આવી.
- સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ (SIPRI)ના અહેવાલ મુજબ પરમાણુ હથિયાર ધરાવતા દેશો પાસે કુલ 13,080 પરમાણુ બોમ્બ છે, જેમાં સૌથી વધુ (6,255) રશિયા પાસે છે. ભારત 156 પરમાણુ હથિયાર ધરાવે છે.

**18 જૂન**

- પોલેન્ડની રાજધાની વોરસોમાં લાંબા સમય બાદ 'એમોર્ફોફેલસ ટાઈટેનમ' નામનું માંસ જેવી દુર્ગંધ ધરાવતું ફૂલ ઉગ્યું.
- ઓસ્ટ્રેલિયાની મહિલા સ્વિમર કોયલી મેકઓનો 100 મીટર બેકસ્ટ્રોકમાં 57.45 સેકન્ડનો રેકોર્ડ બનાવ્યો.
- IIT-રોપડની ટીમે દેશનું પ્રથમ પાવર ફ્રી CPAP (Continuous Positive Airway Pressure) ડિવાઈસ 'જીવન વાયુ' વિકસાવ્યું.
- ડી. ગુકેશે ગેલફંડ ચેલેન્જ ચેસનું ટાઈટલ જીત્યું.
- ભારતી એરટેલના COO અજય પુરી 2021-22 માટે સેલ્યુલર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા (COAI)ના ચેરમેન નિયુક્ત.

- ઇન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિએશન ઓફ ઇન્ડિયા (IAMAI)એ ડિજિટલ પબ્લિશર કન્ટેન્ટ ગ્રિવાન્સીઝ કાઉન્સિલ (DPCGC)ના ભાગ તરીકે રચવામાં આવેલ ગ્રિવાન્સીઝ રિડ્રેસલ બોર્ડના અધ્યક્ષ તરીકે સુપ્રિમ કોર્ટના પૂર્વ જસ્ટિસ અર્જન કુમાર સિકરીને નિયુક્ત કર્યા.
- ક્રિકેટર સુરેશ રૈનાએ પોતાની આત્મકથા 'બિલીવ' (Believe) રિલીઝ કરી.
- અક્ષય કુમાર બાયોટેકનોલોજી કંપની 'MyLab'ના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- IIT-રૂરકીના પ્રોફેસર શૈલેશ ગોવિંદે બ્લાસ્ટ-રેઝિસ્ટન્ટ હેલ્મેટ વિકસાવવા માટે 'NSG કાઉન્ટર-IED એન્ડ કાઉન્ટર-ટેરરિઝ્મ ઇનોવેટર એવોર્ડ-2021 જીત્યો.
- ઇન્ડિયન આર્મીમાં પ્રથમ વખત મિલિટરી પોલીસ માટે નેપાળી મહિલાઓની ભરતીને મંજૂરી આપવામાં આવી.
- અંબાજી નજીક સરસ્વતી નદીના ઉદગમ સ્થાન કોટેશ્વરમાં હરિદ્વારની ગંગા આરતીની જેમ જ સરસ્વતી નદીની આરતી-પૂજા કરવામાં આવશે.
- માઈક્રોસોફ્ટના CEO સત્ય નડેલા માઈક્રોસોફ્ટના નવા ચેરમેન નિયુક્ત.
- ભારતીય-અમેરિકન સરલા વિદ્યા નગાલા અમેરિકાના કનેક્ટિકટ રાજ્યમાં સંઘીય ન્યાયાધીશ નિયુક્ત. આ પદ પર સેવા આપનાર તે દક્ષિણ એશિયન મૂળનાં પ્રથમ મહિલા ન્યાયાધીશ બનશે.
- હંગરી વિરૂદ્ધ 3-0 યુરો 2020ની જીતમાં બે લેટ ગોલ કરીને રોનાલ્ડો યુરોપિયન ચેમ્પિયનશિપની ફાઈનલમાં સૌથી વધુ ગોલ કરનાર (11 ગોલ) ખેલાડી બની ગયો. તેમણે ફ્રાંસિસી મહાન મિશેલ પ્લાટિનીનો 9 ગોલનો રેકોર્ડ (ઈ.સ. 1984) તોડ્યો.

## 19 જૂન

- ભારતીય સ્પ્રિન્ટ લિજેન્ડ 'ફ્લાયિંગ સિખ' મિલ્ખા સિંહનું નિધન.
- ફિલિપાઇન્સના વેબ ડિઝાઈનર મેક પસ્કુલે પોતાના વ્યવસાયને સન્માન મળે તે હેતુથી પોતાના પુત્રને HTML નામ આપ્યું.
- ગ્લોબલ વિન્ડ એનર્જી કાઉન્સિલના અહેવાલ અનુસાર ભારત 2021-25 દરમ્યાન પવન ઊર્જા ક્ષેત્રે 20 GWની ક્ષમતા પ્રાપ્ત કરશે.
- વિદેશ મંત્રી એસ. જયશંકરે પોતાની કેન્યાની યાત્રા દરમ્યાન નૈરોબી યુનિવર્સિટીમાં પુન:નિર્મિત મહાત્મા ગાંધી લાયબ્રેરીનું ઉદઘાટન કર્યું. આ જ યુનિવર્સિટીમાં ઈ.સ. 1956માં મહાત્મા ગાંધીની પ્રતિમા મુકવામાં આવી હતી. ભારત સરકાર દર વર્ષે કેન્યન લોકોને 400થી વધુ સ્કોલરશિપ્સ આપે છે.

- કેન્દ્ર મંત્રી પીયુષ ગોયલે UN ટ્રેડ ફોરમ-2021ને સંબોધિત કરતા જણાવ્યું હતું કે ભારતનું માથાદીઠ CO2 (કાર્બન ડાયોક્સાઈડ)નું ઉત્સર્જન, મોટી અર્થવ્યવસ્થાઓમાં સૌથી ઓછું છે.
- બિજેન્દ્ર ગોયલ ભારતીય અંદોલનનું નેતૃત્વ કરવા માટે ભારતીય ડેફ્લીક પરિષદ (INDC)ના સંસ્થાપક અધ્યક્ષ નિયુક્ત. તેઓ ઇન્ટરનેશનલ ડેફ્લીક કાઉન્સિલના દક્ષિણ એશિયન બાબતોના સલાહકાર પણ છે.
- પાકિસ્તાની-અમેરિકન ટેક ક્રિટિક 32 વર્ષીય લીના ખાન US FTC (અમેરિકન ફેડરલ ટ્રેડ કમિશન)ની અધ્યક્ષ નિયુક્ત. તે આ પદ ગ્રહણ કરનાર સૌથી નાની વયની અધ્યક્ષ બની.
- અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશને નેશનલ એગ્રીકલ્ચરલ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક (NABARD) સાથે સમજૂતી કરી, જેથી ફાઉન્ડેશનને ગ્રામ્ય વિકાસ ભંડોળ અંતર્ગત નાબાર્ડ પાસેથી ગ્રાન્ટ મળશે.
- NATO નેતાઓએ ચીનને એક સતત વૈશ્વિક સુરક્ષા પડકાર ઘોષિત કરતા કહ્યું કે ચીની લોકો વૈશ્વિક વ્યવસ્થાને નબળી કરવા માટે કાર્ય કરી રહ્યા છે.
- બિહાર સ્થિત લોક જનશક્તિ પાર્ટીમાં વિભાજન થતાં પાંચ લોકસભા સાંસદોએ ચિરાગ પાસવાનને નેતા પદેથી હટાવીને પશુપતિ કુમાર પારસને ચૂંટ્યા.
- IIT-કાનપુરના પ્રોફેસર મુકેશ શર્મા WHOના ગ્લોબલ એર પોલ્યુશન એન્ડ હેલ્થ-ટેકનિકલ એડવાઇઝરી ગૃપ (GAPH-TAG)ના ઓનરરી મેમ્બર નિયુક્ત.
- પોર્ટુગીઝ ફૂટબોલર ક્રિસ્ટીયાનો રોનાલ્ડોએ પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન ટેબલ પર પડેલ કોકા કોલા કોલ્ડ્રીંકસની બોટલ હટાવતા કોકા કોલા કંપનીના શેરમાં 30 હજાર કરોડ રૂપિયાનો ઘટાડો.
- પાલનપુર જિલ્લામાં આવેલ ડિસામાં નવનિર્મિત ગુજરાતના સૌથી લાંબા એલિવેટેડ કોરિડોર તરીકેના ઓવરબ્રિજ (3,750 કિ.મી.) પરથી નેશનલ હાઈવે 27 પસાર થાય છે, જે ગુજરાતમાં પોરબંદર અને આસામના સિલચરને જોડતો ઇસ્ટ-વેસ્ટ કોરિડોર છે.
- વડાપ્રધાન મોદીએ પાંચમી વિવા ટેક સમિટના સંબોધનમાં મહામારીમાંથી બહાર આવી રહેલ રાષ્ટ્રને પ્રોત્સાહિત કરવા માટે ‘રિપેર એન્ડ પ્રિપેર’ સૂત્ર આપ્યું.
- પીરાણાના કચરાના ડુંગર પાસે મ્યુનિસિપલ કોર્પોરેશન એબોલોન ક્લીન એનર્જી લિ. સાથે મળીને PPP મોડલ અંતર્ગત 13 એકર જમીન પર ‘વેસ્ટ ટુ એનર્જી’ પ્લાન્ટ સ્થાપશે, જે દૈનિક એક હજાર મેટ્રિક ટન ઘન કચરામાંથી 15 મેગાવોટ વીજળી ઉત્પન્ન કરશે.

## 20 જૂન

- કોરોના કાળમાં દવાઓ પહોંચાડવા બાબતે અભિનેતા સોનુ સૂદ અને વિધાન સભ્ય જિસાન સિદ્દીકીની પૂછપરછ કરવાનો મુંબઇ હાઇકોર્ટનો આદેશ.

- ભારતમાં મધ્યપ્રદેશ રાજ્યમાં 'ગ્રીન ફંગસ'નો પ્રથમ કેસ નોંધાયો.
- ભારતીય વેબડેવલપર અને બગશોધક મયુર ફરટાડેએ ઈન્સ્ટાગ્રામની ખાનગી પોસ્ટ કોઈ પણ જોઈ શકતું હોવાનું ખામી શોધવા બદલ ઈન્સ્ટાગ્રામે તેને 22 લાખ રૂપિયાનું ઇનામ આપ્યું.
- સમુદ્રની જૈવ વિવિધતા, જળવાયુ પરિવર્તનની અસરના અન્વેષણ અને થર્મલ ઊર્જાના સ્રોતની શોધ કરવા માટે ડીપ સી ટેકનોલોજી વિકસાવવા માટે કેબિનેટે 'ડીપ ઓસિયન મિશન'ને મંજૂરી આપી.
- ગુગલે ભારતમાં કોવિડ-19 સામેના રાહત પ્રયાસો માટે 113 કરોડ રૂપિયાના દાનની ઘોષણા કરી.
- સ્કોટલૅન્ડની કેથરીન બ્રાઈસ અને બાંગ્લાદેશના મુશફિકુર રહીમને ICC પ્લેયર ઓફ ધ મંથ (મે) એવોર્ડના વિજેતા ઘોષિત કરવામાં આવ્યા.
- વિવિધ સંગઠનોએ કર્ણાટક અને કેરળમાં તુલુ ભાષાને અધિકૃત ભાષાનો દરજ્જો અપાવવા માટે ટ્વિટર અભિયાન શરૂ કર્યું. તુલુ એક દ્રવિડ ભાષા છે, જે મુખ્યત્વે કર્ણાટકના ઉડુપી અને કેરળના કાસરગોડ જિલ્લામાં બોલાય છે.
- ભારત અને ફિલિપાઈન્સના શોધકર્તાઓએ નિકોબાર દ્વીપસમૂહમાં કોફી પરિવારના જિન્સ સાથે સંકળાયેલ 15 મીટર ઊંચા વૃક્ષ 'પાયરોસ્ટ્રિયા લાલજી'ની શોધ કરી, જે ભારતમાં જિન્સ પાયરોસ્ટ્રિયાનો પ્રથમ રેકોર્ડ છે.
- પૂણેમાં ટાટા મોટર્સ અને ટાટા પાવરે ભારતના સૌથી મોટા સોલાર કારપોર્ટનું ઉદઘાટન કર્યું. આ પ્લાન્ટથી વાર્ષિક 7,000 ટન કાર્બન ઉત્સર્જનને ઘટાડવાનો અંદાજ છે. ઉપરાંતન 6.2 MWનો આ પ્લાન્ટ વાર્ષિક 86.4 લાખ KW વીજળીનું ઉત્પાદન પણ કરશે. તે પોતાના સંપૂર્ણ જીવનચક્ર દરમ્યાન કુલ 1.6 લાખ ટન કાર્બન ઘટાડશે.
- ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ ડેવલપમેન્ટ દ્વારા જાહેર કરવામાં આવેલ એન્યુઅલ વર્લ્ડ કોમ્પિટિટીવ ઇન્ડેક્સ-2021માં ભારત 43મા ક્રમે યથાવત અને સ્વિત્ઝરલેન્ડ પ્રથમ ક્રમે.
- મધ્યપ્રદેશની નિશાનેબાજ રૂબીના ફ્રાંસિસે પેરૂમાં આયોજિત વર્લ્ડ શૂટિંગ પેરા સપોર્ટ કપમાં 10 મીટર એર પિસ્ટલ પેરા વિમેન્સમાં ગોલ્ડ જીત્યો.
- ભારતની ઓપનિંગ બેટ્સવુમન શેફાલી વર્મા ઇંગ્લેન્ડ વિરૂદ્ધ ટેસ્ટ ડેબ્યૂમાં 96 રન બનાવીને ટેસ્ટ ડેબ્યૂમાં સૌથી વધુ પર્સનલ સ્કોર બનાવનાર ભારતીય મહિલા ક્રિકેટર બની. ડેબ્યૂ ટેસ્ટમાં સિક્સર મારનાર પ્રથમ ભારતીય મહિલા બની.
- ગ્લોબલ પીસ ઇન્ડેક્સ-2021માં ભારત 135મા ક્રમે. આઈસલેન્ડ પ્રથમ ક્રમે. દક્ષિણ એશિયા ક્ષેત્રમાં ભારત 5મો સૌથી શાંતિપૂર્ણ દેશ.
- દિલ્હીના ચાંદની ચોક રોડને સવારે 9થી રાતના 9 વાગ્યા સુધીના સમય સુધી 'નોન-મોટરાઇઝ્ડ' ઝોન ઘોષિત કરવામાં આવી.

- આશિષ ચાંદોરકર વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)માં ભારતના સ્થાઈ મિશનના કાઉન્સેલર નિયુક્ત.
- ઝામ્બિયાના પ્રથમ રાષ્ટ્રપતિ કેનેથ કોંઉડાનું નિધન.

**21 જૂન**

- 21 જૂન: વિશ્વ યોગ દિવસ. આ વર્ષની થીમ: યોગા ફોર વેલ બીઈંગ. ભારત UN અને WHO સાથે મળીને યોગ અભ્યાસ માટે સરળ પહોંચ ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશથી એમ-યોગ નામની એપ લોન્ચ કરી રહ્યું છે અને 'યોગથી સહયોગ સુધી'નો મંત્ર આપ્યો. આ એપ આધુનિક ટેકનિક અને પ્રાચીન વિજ્ઞાનના ફ્યુઝનનું એક ઉત્તમ ઉદાહરણ છે.
- ફ્રાન્સ ફ્યુઝન રિએક્ટર માટે દુનિયાનું સૌથી શક્તિશાળી ચુંબક 'સેન્ટ્રલ સોલેનોઈડ' પ્રાપ્ત કરશે, જે સૂર્યને શક્તિ આપનાર પ્રક્રિયાનું પુનરાવર્તન કરશે. સેન્ટ્રલ સોલેનોઈડ એક એરક્રાફ્ટ કેરિયરને હવામાં 6 ફૂટ સુધી ઉપર ઊંચકી શકવાની ક્ષમતા ધરાવે છે. આ ચુંબક ફ્રાન્સના એનર્જી પ્રોજેક્ટનું એક કેન્દ્રીય ઘટક છે.
- રિન્યૂ પાવરના CMD સુમંત સિંહા સંયુક્ત રાષ્ટ્ર ગ્લોબલ કોમ્પેક્ટના 10 SDG પાયોનિયર્સમાંથી એક તરીકે ચૂંટાયા.
- બ્રિટીશ વકીલ કરીમ અહમદ ખાન હેગમાં ઈન્ટરનેશનલ ક્રિમીનલ કોર્ટના ચીફ પ્રોસિક્યુટર નિયુક્ત.
- ક્રિકેટર યુવરાજ સિંહ ફરીથી પૂમા મોટરસ્પોર્ટ્સના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- ભારતીય અર્થશાસ્ત્રી મોન્ટેકસિંહ આહલુવાલિયા વિશ્વ બેંક અને ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) દ્વારા રચિત એક ઉચ્ચ-સ્તરીય એડવાઇઝરી ગૃપના સભ્ય નિયુક્ત.
- દેબસ્વાના ડાયમંડ કંપનીએ બોત્સવાનાની જવાનેંગ ખાણમાંથી દુનિયાનો ત્રીજો સૌથી મોટો હીરો શોધ્યો. બોત્સવાના આફ્રિકામાં હીરાનું સૌથી મોટું ઉત્પાદક સ્થળ છે.
- કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સાઈબર ફ્રોડ્સને રોકવા માટે રિપોર્ટીંગ પ્લેટફોર્મ રાષ્ટ્રીય હેલ્પલાઇન (155260) શરૂ કરી.
- મણીપુરના જેનોરીન સ્ટીફન કોફી અન્નાન ચેન્જમેકર્સ-2021 પહેલ માટે દુનિયાના 12 અસાધારણ યુવા નેતાઓમાંના એક તરીકે ચૂંટાયા.
- એન્ટોનિયો ગુટરેસ ફરીથી સંયુક્ત રાષ્ટ્રના સેક્રેટરી જનરલ નિયુક્ત.
- ઇસ્લામ ધર્મના પવિત્ર ગ્રંથ કુરાનનો પ્રથમ વખત ગોજરી (ગુર્જરી) ભાષામાં અનુવાદ કરનાર વ્યક્તિ મુફ્તી ફૈઝ ઉલ વાહીદનું નિધન. આ ભાષા સામાન્ય રીતે જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, હરિયાણા, ઉત્તરાખંડ, રાજસ્થાન, ગુજરાત, પંજાબ, દિલ્હી અને ભારતના બીજા અન્ય ક્ષેત્રોમાં બોલાય છે.

- લાર્સન એન્ડ ટૂબ્રો ઈન્ફોટેક (LTI) ડેટાકલાઉડ કંપની સ્નોફ્લેક દ્વારા 'ગ્લોબલ ઇનોવેશન પાર્ટનર ઓફ ધ યર'થી સન્માનિત.
- ઈરાનના ચીફ જસ્ટિસ ઈબ્રાહીમ રઈસી ઈરાનના નવા રાષ્ટ્રપતિ નિયુક્ત.

**22 જૂન**

- સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટ ટેક્સીસ (CBDT)એ PANને આધાર કાર્ડ સાથે લિંક કરવાની સમય મર્યાદા 30 જૂન, 2021 સુધી વધારી અને જાહેરાત કરી કે આ સમય સુધી પાન કાર્ડ લિંક ન થાય તો તે PANને ઇનઓપરેટીવ ગણવામાં આવશે, ઉપરાંત 1,000 રૂપિયાનો દંડ પણ થઇ શકે છે.
- રાજસ્થાનના જળવાયુ કાર્યકર્તા શ્યામ સુંદર જ્ઞાનીએ પર્યાવરણ સુરક્ષાની અવધારણા ફેમિલિયલ ફોરેસ્ટ્રી માટે UNનો લેન્ડ ફોર લાઈફ એવોર્ડ-2021 જીત્યો.
- ભારતીય મૂળના જજ મહમૂદ જમાલ કેનેડાની સુપ્રીમ કોર્ટમાં નિયુક્ત થનાર પ્રથમ અશ્વેત વ્યક્તિ બન્યા.
- કેન્દ્ર દ્વારા શરૂ કરવામાં આવેલ ઇન્ડિયા બિઝનેસ પ્રોસેસ આઉટસોર્સિંગ પ્રમોશન સ્કિમ (IBPS)એ સમગ્ર દેશના બીજી અને ત્રીજી શ્રેણીના શહેરોમાં અનેક IT અને BPO કંપનીઓના વિસ્તારની સુવિધા પૂરી પાડેલ છે. આ યોજના અંતર્ગત આંધ્રપ્રદેશ બાદ તમિલનાડુ નવા રોજગારના સર્જનની બાબતે બીજું રાજ્ય બની ગયું.
- દુનિયાના સૌથી મોટા ઇલેક્ટ્રોનિક અને નૃત્ય-સંગીત સમારોહોમાંનો એક ગણાતો ટુમોરોલેન્ડ કાર્યક્રમ રદ કરવામાં આવ્યો. કોવિડ-19 ડેલ્ટા વેરિએન્ટના વધતા કેસોને ધ્યાનમાં રાખીને બેલ્જિયમમાં યોજાનાર ટુમોરોલેન્ડ-2021ને રદ કરવાનો નિર્ણય લેવાયો.
- જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા લેખક અમિતાભ ઘોષનું નવું પુસ્તક 'ધ નટમેગ્સ કર્સ: પેરેબલ્સ ફોર અ પ્લેનેટ ઇન ક્રાઈસિસ'નું ઓકટોબર-2021માં વિમોચન કરવામાં આવશે. આ પુસ્તકમાં જાયફળની વાર્તાના માધ્યમથી વિશ્વ પર ઉપનિવેશવાદના પ્રભાવનો ઈતિહાસ દર્શાવવામાં આવ્યો છે.
- ભારતીય-અમેરિકન રસાયણશાસ્ત્રી સુમિત્રા મિત્રા 'નોન-યુરોપિયન પેટન્ટ ઓફિસ કન્ટ્રી' કેટેગરીમાં યુરોપિયન ઈન્વેન્ટર એવોર્ડ-2021થી સન્માનિત.
- ફ્લિટ એવોર્ડ્સ ફંક્શન-2021માં ભારતીય નેવિના 'સહાદ્રી' જહાજને 'સર્વશ્રેષ્ઠ જહાજ'નો ખિતાબ આપવામાં આવ્યો. INS કામોર્ટા 'મોસ્ટ સ્પિરિટેડ શિપ'ના ખિતાબથી સન્માનિત.
- પાછલા ડોપિંગ કેસોને ધ્યાનમાં રાખીને ટોક્યો ઓલિમ્પિકમાં વેઇટલિફ્ટિંગ ઇવેન્ટમાં રોમાનિયા પર પ્રતિબંધ.
- વર્લ્ડ કોન્સ્ટીટ્યુશન એન્ડ પાર્લામેન્ટરી એસોસિએશન (WCPA) પોતાનો પાયલોટ પ્રોજેક્ટ 'પ્રોજેક્ટ વન વર્લ્ડ વન એજ્યુકેશન' શરૂ કરશે, જે અંતર્ગત 6 વર્ષથી વધુ વયના

દુનિયાના નાગરિકોની જરૂરિયાતો પૂર્ણ કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત શિક્ષણ, સ્વાસ્થ્ય, પ્રતિભા વિકાસ અને કેપેસિટી બિલ્ડીંગ પ્રોજેક્ટ સામેલ છે.

- સેન્ટ્રમ ફાઈનાન્સિયલ સર્વિસ લિ. પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપ. (PMC) બેંકનું અધિગ્રહણ કરશે.
- રેડબુલના વેરસ્ટાપેને ફ્રેન્ચ ગ્રાં. પ્રિ.નું ટાઇટલ જીત્યું.
- રિટેલ અને MSME લોન આપવા બાબતે PSU બેંક ચાર્ટમાં બેંક ઓફ મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે.
- રૂપેશ પટેલ નિપ્પોન લાઈફ ઈન્ડિયા એસેટ મેનેજમેન્ટ લિ.ના સિનીયર ફંડ મેનેજર-ઇક્વિટી ઇન્વેસ્ટમેન્ટ નિયુક્ત.

**23 જૂન**

- નવ-રચિત તમિલનાડુ સરકારની આર્થિક સલાહકાર પરિષદમાં મેસેચ્યુએટ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (MIT)ના નોબલ વિજેતા એસ્થર ડુફ્લો, RBIના પૂર્વ ગવર્નર રઘુરામ રાજન અને પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર ડૉ. અરવિંદ સુબ્રમણ્યમ જેવા દિગ્ગજો સામેલ.
- ઈરાને પોતાના એકમાત્ર એટમિક એનર્જી પ્લાન્ટ 'બુશહર પ્લાન્ટ'ને પ્રથમ વખત આપાતકાલીન શટડાઉનની સૂચના આપી.
- શિક્ષા રાજ્યમંત્રી સંજય ધોત્રે G20 શિક્ષણ મંત્રીઓની બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.
- ફેડરેશન ઓફ તેલંગાના ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીનાં CEO ખ્યાતિ નરવણેને કોવિડ-19ના સમય દરમ્યાન વેપાર અને ઉધોગો પ્રત્યે પ્રતિબદ્ધતા દર્શાવવા માટે ધ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ (WBR), લંડન દ્વારા 'સર્ટિફિકેટ ઓફ કમિટમેન્ટ'થી સન્માનિત કરવામાં આવ્યા.
- સંયુક્ત રાષ્ટ્રએ ઓસ્ટ્રેલિયા સ્થિત દુનિયાની સૌથી મોટી કોરલ રીફ 'ગ્રેટ બેરિયર રીફ'ને UNESCOની વિશ્વ ધરોહર સ્થળોની યાદીમાં ડાઉનગ્રેડ કરીને 'ઇન ડેન્જર' (જોખમમાં) કેટેગરીમાં મૂકવાની ભલામણ કરી, જેનો ઓસ્ટ્રેલિયાએ ઉગ્ર વિરોધ કર્યો.
- સ્ટીફન લોફવેન વિશ્વાસનો મત હારનાર સ્વિડનના પ્રથમ વડાપ્રધાન બની ગયા.
- ન્યુઝીલેન્ડના વેઇટલિફ્ટર લોરેલ હબર્ડ ઓલિમ્પિકમાં ભાગ લેનાર પ્રથમ ટ્રાન્સજેન્ડર એથ્લીટ બનશે, જે મહિલાઓની 87+ કિગ્રા કેટેગરીમાં ભાગ લેશે. લિંગ પરિવર્તન પહેલા તે 2013માં પુરુષોની વેઇટલિફ્ટિંગ ઇવેન્ટમાં ભાગ લઇ ચૂક્યા છે.
- કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને લેખિકા ડૉ. કૃષ્ણા સક્સેનાના પુસ્તક 'માય જોય એન્ડ સોરોઝ- એઝ અ મધર ઓફ અ સ્પેશિયલ ચાઈલ્ડ'નું વિમોચન કર્યું, જેમાં ડૉ. સક્સેના અને તેમના વિકલાંગ પુત્ર શિવની જીવન યાત્રા વિષે છે. ડૉ. સક્સેના લખનૌ યુનિવર્સિટીમાંથી PhDની ડિગ્રી મેળવનાર પ્રથમ મહિલા છે.

- ડૉ. તડાંગ મીનૂ ઇન્ટરનેશનલ બોક્સિંગ એસોસિએશન (AIBA)ની કોચ કમિટીનાં સભ્ય તરીકે નિયુક્ત થનાર દેશનાં પ્રથમ મહિલા અને બીજા ભારતીય બની ગયાં.
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ.એ 2035 સુધીમાં શુદ્ધ-શૂન્ય કાર્બન ઉત્સર્જન પ્રાપ્ત કરવાના લક્ષ્યની ઘોષણા કરી.
- ZEEના પૂર્વ CEO તરૂણ કટિયાલ અને વોલ્ટ ડિઝનીના પૂર્વ કન્ટેન્ટ હેડ કીર્તન અદયનથાયાએ સાથે મળીને લેખકો, નિર્માતાઓ અને મનોરંજન કંપનીઓ માટે AI બેઝ્ડ પ્લેટફોર્મ 'સેરેન્ડિપિટી મિડિયા ટેકનોલોજી'ની શરૂઆત કરી.
- કેરળનાં પૂર્વ સ્વાસ્થ્ય મંત્રી કે. કે. શૈલજાએ સાર્વજનિક સ્વાસ્થ્ય સેવાઓ પ્રત્યે દર્શાવેલ પ્રતિબદ્ધતા માટે સેન્ટ્રલ યુરોપિયન યુનિવર્સિટી (CEU) ઓપન સોસાયટી પુરસ્કાર મેળવ્યો.
- જમ્મુ-કાશ્મીરની માવ્યા સૂડાન ઇન્ડિયન એર ફોર્સમાં સામેલ થનાર રાજોર જિલ્લાની પ્રથમ મહિલા ફાઇટર પાઇલટ બની.
- હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે સ્વર્ગસ્થ મિલ્ખા સિંહના નામથી પેરાગ્લાઇડીંગ ક્લબ ખોલવાની જાહેરાત કરી.
- કોરોનાની ઉત્પત્તિ સાથે સંકળાયેલ વુહાન લેબને ચીન સરકાર 'ચાઇના એકેડમી ઓફ સાયન્સ' તરફથી 'બેસ્ટ સાયન્સ એન્ડ ટેકનિક અચિવમેન્ટ' પુરસ્કાર આપશે.
- ગુજરાત સ્ટેટ ઇન્સ્ટીટ્યુશનલ રેટિંગ ફ્રેમવર્કમાં ગુજરાત યુનિવર્સિટી સતત બીજા વર્ષે પ્રથમ ક્રમે.

## 24 જૂન

- પૂર્વ મુખ્યમંત્રી એચ. ડી. દેવગૌડાને તેમણે 10 વર્ષ અગાઉ ઇન્ટરવ્યૂમાં NICEની વિરૂદ્ધ આપેલ અપમાનજનક નિવેદન બદલ માનહાનિના દંડ રૂપે બેંગલુરૂની કોર્ટે બે કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો.
- એપોલો હોસ્પિટલ્સના ડિરેક્ટર ઉપાસના કામીનેની WWF ઇન્ડિયામાં 'એમ્બેસેડર ઓફ ફોરેસ્ટ ફ્રન્ટલાઇન હિરોઝ' નિયુક્ત.
- હારૂન ઇન્ડિયા અને એડેલગિવ ફાઉન્ડેશનના 100 વર્ષના સૌથી મોટા દાનવીરોની યાદીમાં ભારતીય ઉદ્યોગજગતના પિતામહ તાતા જૂથના સ્થાપક જમશેદજી તાતા પ્રથમ ક્રમે.
- વલસાડ જિલ્લાના નારગોલ બંદરને ગ્રીનફિલ્ડ બંદર તરીકે વિકસાવવાની મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મંજૂરી આપી.
- ટીમ ઇન્ડિયા સામે 8 વિકેટે જીતીને ન્યુઝીલેન્ડ પ્રથમ વખત ICC ટેસ્ટ વર્લ્ડ ચેમ્પિયન બન્યું.
- ક્રિકેટર રવિન્દ્ર જાડેજા ICC ટેસ્ટમાં નંબર વન ઓલરાઉન્ડર બન્યા.

- કેરળ હાઈકોર્ટે શાળામાં મધ્યાહન ભોજનના મેનુમાંથી માંસ ઉત્પાદનોને દૂર કરવા માટે લક્ષદ્વીપને આદેશ આપ્યો.
- અમૃતા પડ્ડા ભારતી એરટેલના ચીફ પીપલ ઓફિસર નિયુક્ત.
- આસામના ગુવાહાટીમાં દુનિયાનો સૌપ્રથમ જીનેટિકલી મોડિફાઇડ (GM) રબર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો.
- મનપ્રીત સિંહ ઓલિમ્પિક માટે હોકી ઇન્ડિયા ટીમના કેપ્ટન નિયુક્ત. બીરેન્દ્ર લાકડા અને હરમનપ્રીત સિંહ વાઈસ કેપ્ટન નિયુક્ત.
- ચિલીના રાષ્ટ્રપતિ સેબેસ્ટિયન પિનેરાએ દેશ માટે એક નવા બંધારણનું પ્રારૂપ તૈયાર કરાવવાની જાહેરાત કરી. નવું બંધારણ ઓગસ્તો પિનોશેની તાનાશાહીથી વારસામાં મળેલ બંધારણનું સ્થાન લેશે.
- દક્ષિણ આફ્રિકાના સ્પિનર કેશવ મહારાજ વેસ્ટ ઇન્ડીઝ સામે હેટ્રિક લઈને ટેસ્ટમાં હેટ્રિક લેનાર બીજા દક્ષિણ આફ્રિકન બોલર અને પ્રથમ પ્રોટિયાઝ ક્રિકેટર બન્યા.

**25 જૂન**

- ટ્યુનીશિયાની ઓન્સ જબેઉર WTA ટાઈટલ જીતનાર પ્રથમ આરબ મહિલા બની.
- બ્રિટને ગુડગાંવમાં ઇન્ડિયન નેવિના ઇન્ફોર્મેશન ફ્યુઝન સેન્ટરમાં સંપર્ક અધિકારીની નિમણૂક કરી.
- સિનીયર સાઇકિયાટ્રીસ્ટ ડૉ. પ્રતિમા મૂર્તિ નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ એન ન્યુરો સાયન્સીઝ (NIMHANS)-બેંગલુરૂનાં ડિરેક્ટર નિયુક્ત.
- જમૈકાની સ્પ્રિન્ટર શેલી એન ફ્રેઝર પ્રાઈસ 100 મીટર દોડમાં દુનિયાની બીજી સૌથી ઝડપી દોડવીર બની.
- જિબૂતી ગણરાજ્યમાં ભારતીય રાજદૂત અશોક કુમાર ઝામ્બિયાના આગામી ભારતીય રાજદૂત નિયુક્ત.
- IFFCO આર્જેન્ટીનામાં એક નેનો યુરિયા પ્લાન્ટ સ્થાપશે.
- ઓલ ઇન્ડિયા રેડિયોના એક પ્રોગ્રામિંગ એક્ઝીક્યુટીવ કાજલ સૂરી દ્વારા લેખિત પુસ્તક 'હબ્બા ખાતૂન'નું વિમોચન કરવામાં આવ્યું. હબ્બા ખાતૂન કાશ્મીરનાં પ્રખ્યાત કવયિત્રી હતાં.
- એશિયા પેસિફિક રિજનના ટોપ-5 ટેકનોલોજી સેન્ટરમાં બેંગલુરૂ સામેલ. અન્ય ચાર સેન્ટર્સ બેઇજિંગ, શાંઘાઈ, શેનઝેન અને સિંગાપુર છે.
- હોલીવુડના પ્રસિદ્ધ અભિનેતા, રેપર અને ફિલ્મ પ્રોડ્યુસર વિલ સ્મિથે પોતાની આત્મકથા 'વિલ' પ્રકાશિત કરવાની ઘોષણા કરી.

- ટ્વિટરે પોતાના 'ટીપ જાર' ફીચરમાં પ્રથમ ભારતીય પેમેન્ટ એગ્રીગેટર સામેલ કર્યું, જે ટ્વિટરના યુઝર્સને કન્ટેન્ટ માટે રચનાકારોને પેમેન્ટ કરવા માટે સક્ષમ બનાવે છે.
- અમેરિકાએ બંધુઆ મજૂરીના આરોપોને કારણે ચીની કંપની 'હોશાઈન સિલિકોન ઇન્ડસ્ટ્રી'માંથી મંગાવવામાં આવતી એક મહત્વની સૌર પેનલ સામગ્રીની આયાત પર પ્રતિબંધ મૂક્યો. આ સાથે અમેરિકાએ ત્રણ અન્ય ચીની કંપનીઓમાંથી થતી આયાત પર પણ પ્રતિબંધ મૂક્યો. કારણ કે તે કંપનીઓ ઉઇગરો પાસે કરાવવામાં આવતી બંધુઆ મજૂરીમાં સામેલ છે.
- બર્કશાયર હેથવેના અધ્યક્ષ અને CEO વોરન બફેટે બિલ એન્ડ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશનમાંથી ટ્રસ્ટી તરીકે રાજીનામું આપ્યું.
- કોચીન ઇન્ટરનેશનલ એરપોર્ટને એરપોર્ટ સર્વિસ ગુણવત્તા માટે 'Airport Council International (ACI) Director General's Roll of Excellence' પુરસ્કાર જીત્યો.
- ભારતની એન્ફોર્સમેન્ટ એજન્સી EDએ બેંક ફ્રોડસ્ટર્સ વિજય માલ્યા, મેહુલ ચોકસી અને નીરવ મોદીની સંપત્તિમાંથી 9,371 કરોડ રૂપિયા PSU બેંકોને ચૂકવ્યા.

**26 જૂન**

- ભારતનું ઓફિશિયલ ઓલિમ્પિક થીમ સોંગ 'લક્ષ્ય તેરા સામને હૈ' રિલીઝ કરવામાં આવ્યું, આ ગીત મોહિત ચૌહાણ દ્વારા કમ્પોઝ કરવામાં આવ્યું અને ગાવામાં આવ્યું.
- નિકોલ પાસીન્યાન આર્મેનિયન વડાપ્રધાન નિયુક્ત.
- ભારતીય ક્રિકેટર જસપ્રીત બુમરાહ ગ્લોબલ ટેકનોલોજી બ્રાન્ડ વનપ્લસની વિઅરેબલ્સ કેટેગરીના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- ગુજરાતના કેવડીયા ખાતે 5 એકર જમીનમાં 1 લાખથી વધુ મેંદીના છોડ વાવીને શ્રીયંત્રના આકારની આકર્ષક ભૂલભુલૈયાનું નિર્માણ કરવામાં આવશે.
- એન્ટી-વાયરસ સોફ્ટવેર 'McAfee' બનાવનાર જોન મેકએફીનું નિધન. તે બાર્સેલોનાની એક જેલમાં મૃત અવસ્થામાં મળી આવ્યા. તેઓ NASAની સ્પેસ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટમાં પ્રોગ્રામર રહી ચૂક્યા હતા.
- કેનેડાની લિબરલ સરકારે ઓનલાઈન બિભત્સ ભાષાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકતો કાયદો બનાવ્યો, જો કે તેમાં હાલ સોશિયલ મિડિયાનો સમાવેશ કરવામાં આવ્યો નથી.
- વર્ષ 2022માં ભારતનું પ્રથમ સ્વદેશી વિમાન વાહક (ઇન્ડિજિનિયસ એરક્રાફ્ટ કેરિઅર-IAC) 'INS વિક્રાંત' કમિશન કરવામાં આવશે.
- ભારતીય શૂટર સૌરભ ચૌધરીએ ક્રોએશિયામાં આયોજિત ISSF વર્લ્ડ કપમાં મેન્સ 10 મીટર એર પિસ્ટલ ઇવેન્ટમાં બ્રોન્ઝ જીત્યો.

- ગિરીશ વાઘ ટાટા મોટર્સના બોર્ડમાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર નિયુક્ત. ટાટા મોટર્સના CEO ગુએન્ટર બટ્સચેકે પોતાના પદેથી રાજીનામું આપ્યું. પરંતુ તેઓ વર્ષ 2022ના અંત સુધી કંપનીના સલાહકાર તરીકે સેવા કરવાનું ચાલુ રાખશે.
- ઓલિમ્પિક મેડલ જીતનાર પ્રથમ ભારતીય વેઇટ લિફ્ટર કર્ણમ મલ્લેશ્વરી દિલ્હી સ્પોર્ટ્સ યુનિવર્સિટીનાં પ્રથમ મહિલા કુલપતિ નિયુક્ત.
- સાઉદી અરામકોના અધ્યક્ષ યાસિર અલ-રૂમાયન રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ.ના બોર્ડમાં એક સ્વતંત્ર ડિરેક્ટર તરીકે સામેલ.
- કેન્દ્ર સરકારના સ્માર્ટ સિટી એવોર્ડ્સ-2020માં મધ્યપ્રદેશના ઇન્દોર અને ગુજરાતના સુરત શહેરે પોતાના વિકાસ માટે સંયુક્ત રીતે ‘બેસ્ટ સિટી’નો એવોર્ડ જીત્યો. ચંડીગઢને કેન્દ્ર શાસિત પ્રદેશોની કેટેગરીમાં પુરસ્કાર આપવામાં આવ્યો. ઇન્દોરે ‘ઇનોવેટિવ આઇડિયા એવોર્ડ’ જીત્યો. ઉત્તર પ્રદેશે બેસ્ટ સ્માર્ટ રાજ્ય તરીકેનો એવોર્ડ મેળવ્યો. ગવર્નન્સ બાબતે વડોદરા પ્રથમ ક્રમે.
- નાણાકીય વર્ષ 2020-21માં બેંકોએ 1,02,252 કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો કર્યો જેમાં HDFC બેંક અને SBIનો હિસ્સો 50% છે.

**27 જૂન**

- જળવાયુ સંકટની અસરોને ઘટાડવાના મહત્વના ઉપાયોના સંદર્ભમાં તૈયાર કરવામાં આવેલ 126 ભારતીય શહેરો માટેના ‘ક્લાઈમેટ-સ્માર્ટ સિટીઝ એસેસમેન્ટ ફ્રેમવર્ક (CASCAF) 2.0’ રિપોર્ટમાં ટોપ 9 ફોર સ્ટાર રેટિંગ ધરાવતા શહેરોમાં ગુજરાતના 4 શહેરો સામેલ, જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતનો સમાવેશ છે.
- પ્રવાસી કર્મચારીઓ માટે મુંબઈ ભારતનું સૌથી ખર્ચાળ શહેર અને એશિયાનું વીસમું સૌથી ખર્ચાળ શહેર. જ્યારે વિદેશી કર્મચારીઓ માટે તુર્કમેનિસ્તાનમી અશાગાબાદ શહેર વિશ્વનું સૌથી મોંઘુ શહેર.
- ભારતના શ્રમ રોજગાર સચિવ અપૂર્વ ચંદ્રાનો ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO)ની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ તરીકેનો કાર્યકાળ પૂર્ણ થતાં અન્ના જાર્ડફેલ્ટે તેમનું સ્થાન લીધું. અન્ના UNમાં સ્વિડનના સ્થાઈ પ્રતિનિધિ અને રાજદૂત છે.
- ઝાંગ જિજેન વિમ્બલડન માટે ક્વોલિફાય થનાર પ્રથમ ચીની ખેલાડી બન્યો.
- વારાણસીના કમિશનર દીપક અગ્રવાલ ડિરેક્ટોરેટ ઓફ રિલીજીયસ અફેર્સ (DRA)ના પ્રથમ ડિરેક્ટર નિયુક્ત. DRAનું મુખ્યાલય વારાણસીમાં છે.
- ઇન્ફોસિસના પૂર્વ CEO એસ. ડી. શિબુલાલ નોકરશાહીમાં સુધારો લાવવા માટેની સરકારના મહત્વાકાંક્ષી ‘મિશન કર્મયોગી’ માટે રચિત ત્રણ સભ્યો વાળી ટાસ્કફોર્સના ચેરમેન નિયુક્ત.

- કંબોડિયાના વિરાચે નેશનલ પાર્કમાં લુપ્તપ્રાય વન્યપ્રાણી બાર્કિંગ હરણ જોવા મળ્યું.
- બ્રિટનના ધ લંડન ઇન્ટરનેશનલ સ્માર્ટફોન ફિલ્મ ફેસ્ટીવલમાં સ્માર્ટફોનથી શૂટ કરાયેલ ફિલ્મ 'મિસ્ડ કોલ'ને BAFTA એવોર્ડ મળ્યો.
- મગરની ત્રણેય પ્રજાતિ ધરાવનાર ભારતનું પ્રથમ રાજ્ય ઓડીસા બન્યું, આ ત્રણ પ્રજાતિઓમાં મીઠા પાણીના મગર, ખારા પાણીના મગર અને ઘડિયાળનો સમવેશ થાય છે.
- DRDOએ એડવાન્સ્ડ પિનાકા રોકેટનું સફળ પરીક્ષણ કર્યું, જે 45 કિલોમીટર સુધીના લક્ષ્યને ભેદી શકે છે.
- વસ્તી વધારાને પ્રોત્સાહન આપવા માટે મિઝોરમ સરકારે વધુ બાળકોને જન્મ આપવા બદલ 1 લાખ રૂપિયા પુરસ્કારની યોજના બનાવી.
- અમેરિકામાં અશ્વેત નાગરિક જ્યોર્જ ફ્લોયડની હત્યાના દોષિત પૂર્વ પોલિસ અધિકારી ડેરેક ચોવિનને 22 વર્ષ અને 6 માસની જેલની સજા.

**28 જૂન**

- ગુગલના એન્ડ્રોઇડ સ્માર્ટ ટીવી પર યુરોપ બાદ હવે ભારતે પણ 'એન્ટીટ્રસ્ટ ઇન્વેસ્ટીગેશન'નો આદેશ આપ્યો. આ ટીવીમાં ગુગલ અગાઉથી જ પોતાની તમામ એપ્સ ઇન્સ્ટોલ કરી આપે છે, જેમાં બહારની અન્ય એપ ઇન્સ્ટોલ કરી શકાતી નથી. તે એન્ડ્રોઇડ ક્ષેત્રના વિકાસને રૂંધે છે.
- રાજકોટથી 50 કિ.મી. દૂર આવેલ રામપુરા અભયારણ્યમાં 3700 એકર જમીનમાં સિંહની નવી પેઢી તરીકે 22 સિંહબાળનો જન્મ થયો. હાલમાં અહીં 11 સિંહ છે. રામપુરા વીડીમાં જન્મતા સિંહબાળનું નામ પિતા નહીં માતાના નામ પરથી રાખવામાં આવે છે. સિંહને મુક્ત વાતાવરણનો અનુભવ કરાવવા માટે અહીં 2.5 એકરનું એક એવા 6 વિશાળ કમ્પાઉન્ડ (જીન પુલ) સિંહને વિહરવા માટે બનાવવામાં આવ્યા છે. અહીં CCTV અને 24 કલાક સુરક્ષાની વ્યવસ્થા છે, જ્યારે ઝરખ, વરૂ, દીપડા, ચિંકારા, નીલગાય સહીત લગભગ 250 પ્રજાતિ મુક્ત પણે વિચરે છે. અહીં વૃક્ષોની લગભગ 280 પ્રજાતિ છે. રામપરા જંગલ વિસ્તારને ઈ.સ. 1988માં અભયારણ્ય જાહેર કરવામાં આવ્યું અને 2011માં જીન પુલની મંજૂરી આપવામાં આવી. રામપરા અભયારણ્ય 15 ચોરસ કિ.મી. વિસ્તારમાં ફેલાયેલ છે, જેમાં મુક્ત પણે વિહરતા 20 પ્રજાતિના સસ્તન પ્રાણીઓ, 130 પ્રકારના પક્ષીઓનો સમાવેશ થાય છે. અહીં સુરક્ષા વ્યવસ્થા માટે ટેકરીઓ પર 3 વોચ ટાવર બનાવવામાં આવ્યા છે.
- ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત ભારતીય આર્મ્ડ ફોર્સિસના મથક પર જમ્મુ-કાશ્મીર એરફોર્સ બેઝ પર ડ્રોન દ્વારા આતંકવાદી હુમલો થયો.

- બ્રિટનના પૂર્વ નાણામંત્રી સાજીદ જાવિદ નવા આરોગ્ય મંત્રી નિયુક્ત. બ્રિટનના પૂર્વ આરોગ્યમંત્રી મેટ હેનકોંકને પોતાની ગર્લફ્રેન્ડને ચુંબન કરતા સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરવા બદલ રાજીનામુ આપવું પડ્યું.
- સ્માર્ટફોન કંપની oppoએ વિશ્વનો પ્રથમ એવો મોબાઈલ બનાવ્યો, જેમાં સ્ક્રીનની વધઘટ કરી શકાય. આ ફોન સામાન્ય સ્થિતિમાં 6.7 ઇંચની OLED સ્ક્રીન ધરાવે છે, પરંતુ તેને મોટી કરતાં તે 7.4ની સ્ક્રીન મેળવે છે.
- ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઇન્ડિયા (TRAI)ના રિપોર્ટ અનુસાર ડાઉનલોડિંગની દ્રષ્ટિએ Jio (20.7 MbPs) અને અપલોડિંગમાં Vi (વોડાફોન-આઈડિયા-6.7 MbPs) ટોચની કંપનીઓ બની.
- વનસ્ટેન્ડ ઇન્ડિયા નામની કંપનીએ કોરોનાકાળમાં ચૂંટણી પ્રચારમાં નેતાઓના સ્થાને ચૂંટણી પ્રચાર કરનાર 'DOOT" નામનો હ્યુમનોઇડ રોબોટ બનાવ્યો.
- બ્રાઝિલના પ્રમુખ ઝૈર બોલ્સોનારો સામે ભારત બાયોટેકની કોવેક્સિનની ખરીદી અંતર્ગત ભ્રષ્ટાચારના આરોપ મૂકવામાં આવ્યા.
- રશિયાએ દુનિયાની સૌથી લાંબી (604 ફૂટ) સબમરીન બેલેગોરોડને પોતાના પ્રથમ સિક્રેટ મિશન માટે રવાના કરી.
- મહારાષ્ટ્રમાંથી નિપાહ વાઈરસના એન્ટીબોડી મળી આવ્યા.
- કેન્દ્ર સરકારે એટર્ની જનરલ કે. કે. વેણુગોપાલનો કાર્યકાળ એક વર્ષ વધાર્યો.
- વિજીલન્સ કમિશનર સુરેશ એન. પટેલ કાર્યકારી ચીફ વિજીલન્સ કમિશનર તરીકે નિયુક્ત.
- વડાપ્રધાન મોદીએ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA)માં એક ઝેન ગાર્ડન અને કેઝાન એકેડમીનું ઉદઘાટન કર્યું.
- વિશ્વની અગ્રણી બ્રાન્ડ વેલ્યુએશન કન્સલ્ટન્સી બ્રાન્ડ ફાયનાન્સના રિપોર્ટ અનુસાર પ્રતિષ્ઠિત હોટલ બ્રાન્ડ 'તાજ' દુનિયાની સૌથી મજબુત હોટલ બ્રાન્ડ.

**29 જૂન**

- પુડુચેરીમાં 41 વર્ષ બાદ ચંદીરા પ્રિયાંગ મહિલા મંત્રી તરીકે નિયુક્ત. આ પહેલાં 1980-83માં રેણુકા અપ્પાદુરાઈ મહિલા મંત્રી હતા.
- સાજન પ્રકાશ આગામી ટોક્યો ઓલિમ્પિક માટે ક્વોલીફાઈ કરનાર પ્રથમ ભારતીય સ્વિમર બન્યા.
- ગોવા ભારતનું પ્રથમ રેબિઝ મુક્ત રાજ્ય બની ગયું.
- પેરિસમાં આયોજિત આર્ચરી વર્લ્ડકપમાં ભારતીય આર્ચર અભિષેક વર્માએ ગોલ્ડ મેડલ જીત્યો.

- ક્રોએશિયામાં આયોજિત શૂટિંગ વર્લ્ડકપમાં મનુ ભાકર અને સૌરભ ચૌધરીએ મિક્સ્ડ એર પિસ્ટલમાં ગોલ્ડ જીત્યો.
- એન્જિનિયર્સ ઇન્ડિયા લિ.ના CMD આર. કે. સભરવાલે મોંગોલિયાનો હાઇએસ્ટ નાગરિક પુરસ્કાર 'ધ ઓર્ડર ઓફ પોલર સ્ટાર' મેળવ્યો.
- ભારતીય નિશાનેબાજ રાહી સરનોબતે ISSF વર્લ્ડ કપમાં વિમેન્સ 25 મીટર રેપિડ ફાયર પિસ્ટલ ઇવેન્ટમાં ગોલ્ડ જીત્યો.
- ઓલિમ્પિકમાં ભારતની એકમાત્ર મહિલા તીરંદાજ દીપિકા કુમારી વિશ્વની નંબર વન રિકર્વ તીરંદાજ બની. આ સાથે દીપિકાએ વર્લ્ડકપના સ્ટેજ 3માં ગોલ્ડ મેડલની હેટ્રિક બનાવી.
- અગ્નિ મિસાઇલ શ્રેણીમાં આધુનિક મિસાઇલ 'પ્રાઇમ'નું ઓડીસાના બાલાસોરમાં અબ્દુલકલામ ટાપુ પર સફળ પરિક્ષણ કરવામાં આવ્યું. આ મિસાઇલ અગ્નિ-4 અને અગ્નિ-5 મિસાઇલની ટેકનોલોજીને મિશ્રિત કરીને તૈયાર કરવામાં આવી, જેની મારક ક્ષમતા 1500 કિલો મીટરની છે.
- UKએ વિશ્વના સૌથી મોટા ક્રિપ્ટો એક્સચેન્જ Binance પર પ્રતિબંધ મૂક્યો.
- ICC T20 વર્લ્ડકપ-2021 UAEમાં યોજાશે.
- સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશનના એડિશનલ ડિરેક્ટર પ્રવીણ સિંહા CBIના સ્પેશિયલ ડિરેક્ટર નિયુક્ત.

**30 જૂન**

- સરકાર સાથેના વિવાદને કારણે ધર્મેન્દ્ર ચતુરે રાજીનામું આપતાં કેલિફોર્નિયન મૂળના જેરેમી કેસલ ટ્વિટરના નવા ઇન્ડિયા ગ્રીવાન્સ ઓફિસર નિયુક્ત.
- આણંદ સ્થિત નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB)ના એક્ઝીક્યુટીવ ડિરેક્ટર મીનેશ શાહને NDDBના અધ્યક્ષનો વધારાનો હવાલો આપવામાં આવ્યો.
- એક મિલિયન કિલોવોટ વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવતો વિશ્વનો સૌથી વધુ વીજળી ઉત્પન્ન કરતો સિંગલ યુનિટ ડેમ 'બેહેતન' ચીનના શિચુઆન અને યુનાન પ્રાંતમાં વહેતી યાંગત્સે નદીના ઉપરના ભાગમાં આવેલ જિન્સા નદી પર બાંધવામાં આવ્યો.
- દુનિયાની ટોચની 100 મેડિકલ કોલેજોની યાદીમાં ભારતની 6 કોલેજનો સમાવેશ. અમેરિકાની જોન હોપકિન્સ યુનિ.ની સ્કુલ ઓફ મેડિસીન પ્રથમ ક્રમે.
- ભારતીય પત્રકાર પી. સાઇનાથે પોતાના લેખન માધ્યમથી નાગરિક સહયોગને પ્રોત્સાહન આપવા માટે જાપાનનો ફુકુઓકા પુરસ્કાર-2021 જીત્યો, આ પુરસ્કાર તેમણે અન્ય બે વિજેતાઓ સાથે સંયુક્ત રીતે જીત્યો. પી. સાઇનાથને ફુકુઓકા પુરસ્કારનું 'ગ્રાન્ડ પ્રાઇઝ' આપવામાં આવશે.

- એમેઝોનના પૂર્વ એક્ઝીક્યુટીવ મહેશ મહાત્મે વ્હોટ્સએપ પેમેન્ટ્સ ઇન્ડિયાના હેડ નિયુક્ત.
- 9 વર્ષ પહેલાં ગ્રીક ગેલેરીમાંથી ચોરી થયેલ પાબ્લો પિકાસોની પેન્ટિંગ 'વુમન્સ હેડ' પરત મળી આવી.
- સાર્વજનિક ઉધમ મંત્રી પ્રકાશ જાવડેકરે ઇન્દોરના પીથમપુરમાં આવેલ એશિયાના સૌથી લાંબા હાઇ-સ્પીડ ટેસ્ટ ટ્રેક 'નેશનલ ઓટોમોટિવ ટેસ્ટ ટ્રેક્સ' (NATRAX)નું ઉદઘાટન કર્યું, જેની લંબાઈ 11.3 કિલોમીટર છે અને તે ઓટોમોબાઇલ કંપનીઓ માટે ઓટોમોટિવ અને કોમ્પોનન્ટ ટેસ્ટીંગની સુવિધા આપશે. આ ટ્રેક દુનિયાનો પાંચમો સૌથી મોટો ટ્રેક પણ છે.
- અલ્હાબાદ હાઇકોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ શંભુનાથ શ્રીવાસ્તવ ઇન્ડિયન ફેડરેશન ઓફ UN એસોસિએશન્સ (સંયુક્ત રાષ્ટ્ર સંઘોના ભારતીય સંઘ)ના અધ્યક્ષ નિયુક્ત.
- દિલ્હી મેટ્રોને તેના ત્રીજા સ્ટેજ અંતર્ગત 'ઉચ્ચ ગુણવત્તા' માટે જાપાન સોસાયટી ઓફ સિવિલ એન્જિનિયર્સ દ્વારા 'આઉટસ્ટેન્ડિંગ સિવિલ એન્જિનિયરીંગ અચિવમેન્ટ એવોર્ડ-2020' આપવામાં આવ્યો.
- 30 જૂન: ઇન્ટરનેશનલ ડે ઓફ પાર્લામેન્ટરિઝ્મ. ઈ.સ. 1889માં આ દિવસે ઇન્ટર-પાર્લામેન્ટરિઝ્મ યુનિયનની સ્થાપના થઇ હતી, તેથી 2018થી UNએ આ દિવસની ઉજવણી કરવાની શરૂઆત કરી.
- ઉત્તરાખંડમાં 'ભારત વાટિકા'નું ઉદઘાટન કરવામાં આવ્યું, જે ભારતમાં આ પ્રકારનું પ્રથમ જૈવ વિવિધતા ઉધાન છે.
  - ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશનના સેક્રેટરી હરેશ સંગતાણીનું નિધન.





12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી
**Quality એટલે Crack GPSC**

આ એપ ડાઉનલોડ કરી
ફ્રી ડેમો વિડિયો જુઓ,
આપને ખરેખર લાગશે કે
કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

## ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી

ક્લાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, ક્લાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070

Crack G GPSC
ક્રેક GPSC